સુવિચાર

સંબંધો સાચા રાખવા માફ કરવાનું શીખવું જરૂરી છે...

RNI Reg. GUJGUJ/2010/44893

ચોથી જાગીરનો પડકાર

# મુખ્ય સમાચાર

MUKHYA SAMACHAR (DAILY EVENING)
mukhyasamachardaily@gmail.com

સાંધ્ય દૈનિક



પોલીસ કમિશનર કચેરીના ગેઈટ પાસે ફરજ પર રહેલા એસઆરપી મેનનો આપઘાત P-4

Year-16, Issue-205 ■ DATE : 12-12-2025 FRIDAY ■ Retail Selling Price : Rs. 3/- ■ Page-4 ■ DAILY EVENING (MONDAY TO SATURDAY) Language : GUJARATI

# ચાંદી ૨ લાખની ઐતિહાસીક સપાટીએઃ સોનુ પણ ટોચ પર




## ચાંદીમાં આજે રૂ.૭૦૦૦નો ઉછાળોઃ સોનામાં પણ તેજી ચળકાટ યથાવત, ૧૫૦૦ના ભાવ વધારા સાથે ૧.૩૩ લાખને આંબ્યું

**મુખ્ય સમાચાર, અમદાવાદ**

બુલીયન માર્કેટમાં ચાંદીમાં તેજીના તરખાટના પગલે ચાંદીના ભાવે ૨ લાખ રૂપીયાની મેજીક સપાટી સ્પર્શ કરી છે. ચાંદીની સાથે સોનાના ભાવે પણ નવી ઐતિહાસિક સપાટી સર કરી છે.

બુલીયન માર્કેટમાં સેન્ટમાં તેજીને પગલે સ્થાનીક બજારમાં ચાંદીના ભાવમાં આજે રોકેટ ગતિએ ૭૦૦૦ રૂપીયાનો ઉછાળો થયો હતો. ગઈકાલે ચાંદી ૧ કિલોના ભાવ ૧,૯૩,૦૦૦ રૂપીયા હતા તે વધીને આજે સવારે ૨,૦૦,૦૦૦ રૂપીયાની નવી ઐતિહાસિક સપાટી બનાવી છે. ચાંદીમાં ગઈકાલે ૨૦૦૦ રૂપીયાનો ઉછાળો થયા બાદ આજે વધુ ૭૦૦૦ રૂપીયાનો ઉછાળો થયો છે. છેલ્લા પાંચ દિવસમાં ચાંદીમાં



૧૭,૦૦૦ રૂપીયાનો તોતીંગ ભાવવધારો થયો છે.

ચાંદીની સાથે સોનામાં પણ તેજીનો ચળકાટ યથાવત રહયો છે. સોનામાં આજે વધુ ૧૫૦૦ રૂપીયાનો ઉછાળો થયો હતો. બુલીયન માર્કેટમાં સેન્ટમાં તેજીને પગલે સ્થાનીક બજારમાં સોનામાં ૧૫૦૦ રૂપીયાનો ભાવવધારો થતા સોનુ સ્ટાન્ડર્ડ (૧૦ ગ્રામ)નો ભાવ ૧,૩૩,૫૦૦ રૂપીયા હતા તે વધીને આજે ૧,૩૫,૦૦૦ રૂા.ની નવી ઐતિહાસિક સપાટી સર કરી છે. સોનાના બિસ્કીટમાં ૧૫,૦૦૦ રૂપીયાનો ભાવવધારો થયો છે. સોનાના બિસ્કીટ (૧૦૦ ગ્રામ)નો ભાવ ૧૩,૩૫,૦૦૦ રૂા. હતા તે વધીને ૧૩,૫૦,૦૦૦ ની સપાટીએ ભાવ પહોંચ્યા છે. યુએસમાં વ્યાજદર ઘટાડાતા સોના-ચાંદીના ભાવમાં તીવ્ર ઉછાળો થયાનું ઝવેરી બજારના સુત્રોએ જણાવ્યું હતું.

રાજકોટમાં હાજર સોનુ ૧.૩૫ લાખની ઉંચાઈએ પહોંચ્યું હતું. જો કે દિવાળી વખતની તેજીમાં આનાથી પણ ઉંચો ભાવ થયો હતો. વિશ્વબજારમાં સોનુ ૪૨૭૦ ડોલર હતું. વેપારીઓના કહેવા પ્રમાણે ભૌગોલિક ટેન્શન, મજબૂત ડોલર જેવા તેજીના કારણો હતા જ. તેવા સમયે અમેરિકી પ્રમુખ ડોનાલ્ડ ટ્રમ્પે રશિયા-યુક્રેન યુદ્ધ ન અટકેતો ૩જુ વિશ્વયુદ્ધ સર્જાવાનો ગર્ભીત ઈશારો કરતા તેજી પણ વકરી હતી.

### Petrol & Diesel Rate

| | |
|---|---|
| પેટ્રોલ | રૂ. ૯૫.૦૫/લીટર |
| ડીઝલ | રૂ. ૯૦.૭૪/લીટર |
| CNG | રૂ. ૮૪.૧૭/કિલો |






| | સોનુ | ચાંદી |
|---|---|---|
| | ₹૧,૩૨,૭૧૦ | ₹૨,૦૪,૦૦૦ |
| | +૧૯૧૦ | +3000 |
| Today Rate | (૧૦ ગ્રામ, ૨૪ કેરેટ) | (૧ કિલો) |

| ડોલર | પાઉન્ડ |
|---|---|
| ₹૯૦.૪૭ | ₹૧૨૧.૧૪ |

## સંસદમાં વાયુ પ્રદૂષણની ચર્ચા કરવા રાહુલ ગાંધીનો પડકાર

**મુખ્ય સમાચાર, નવીદિલ્હી**

લોકસભામાં વિપક્ષ નેતા અને કોંગ્રેસ સાંસદ રાહુલ ગાંધીએ શુક્રવારે (૧૨ ડિસેમ્બર) ગૃહમાં વાયુ પ્રદૂષણનો મુદ્દો ઉઠાવ્યો હતો. તેમણે કહ્યું કે, આ મુદ્દે અમારા તરફથી કોઈ બ્લેમ ગેમ નહીં હોય, અમે આ ગંભીર પડકારને પાર પાડવા માટે સરકારનો સહયોગ કરીશું. આ સિવાય રાહુલ ગાંધીએ કેન્દ્ર સરકારને પૂછ્યું કે, વાયુ પ્રદૂષણ મુદ્દે તેનો સામનો કરવા આવનારા પાંચ વર્ષનો શું પ્લાન છે તેને ગૃહમાં રજૂ કરવામાં આવે.

કોંગ્રેસ સાંસદે કહ્યું કે, 'આપણા મોટાભાગના શહેર ઝેરીલી હવાની ચાદરમાં લપેટાયેલા છે. લાખો બાળકોના ફેફસાં બીમારીઓથી ગ્રસ્ત થઈ ચુક્યા છે, તેમનું ભવિષ્ય ખરાબ થઈ રહ્યું છે. લોકો કેન્સરથી પીડિત થઈ રહ્યા છે. આ સિવાય વૃદ્ધોને શ્વાસ



લેવામાં તકલીફ પડી રહી છે. આ એક મહત્ત્વનો મુદ્દો છે અને મને પૂરો વિશ્વાસ છે કે, આ વિશે સરકાર અને આપણા વચ્ચે પૂર્ણ સંમતિ હશે. આ કોઈ વૈચારિક મુદ્દો નથી. આ ગૃહમાં તમામ એ વાતથી સંમત હશે કે, વાયુ પ્રદૂષણ અને તેનાથી આપણા લોકોને થતા નુકસાન પર આપણે બધાએ સહયોગ કરવો જોઈએ.'

## રશિયા-યુક્રેન વચ્ચે સંઘર્ષ અટકશે નહીં તો ત્રીજુ વિશ્વ યુદ્ધ નક્કીઃ ટ્રમ્પની ચેતવણી

**મુખ્ય સમાચાર, વોશિંગ્ટન**

છેલ્લા સાડા ત્રણ વર્ષથી વધુ સમયથી ચાલી રહેલા રશિયા-યુક્રેન યુદ્ધ અટકાવવાના તમામ પ્રયાસો નિષ્ફળ થઈ રહ્યા છે તેવા સંકેત સાથે અમેરિકાના પ્રમુખ ડોનાલ્ડ ટ્રમ્પે ચેતવણી આપી છે કે આ પ્રકારના યુદ્ધ લાંબો સમય ચાલે તો તેના પરિણામે ત્રીજુ વિશ્વયુદ્ધ ફાટી નીકળશે.

ટ્રમ્પે હાલમાં જ આ યુદ્ધ અટકાવવા નવા રોડ-મેપ રશિયા-યુક્રેન સમક્ષ રજુ કર્યો હતો પણ બન્ને દેશોએ તેમાં આંશિક સ્વીકાર્યતા અને મોટાભાગે અસહમતી દર્શાવી હતી તે સમયે ટ્રમ્પના વિધાનો મહત્વપૂર્ણ છે.

વ્હાઈટ હાઉસમાં આર્ટીફીશ્યલ ઈન્ટેલીજન્સ રેગ્યુલેશન માટેના એક સમારોહને સંબોધન કરતા ટ્રમ્પે જણાવ્યું હતું કે, ગત મહિને જ આ યુદ્ધમાં ૨૫૦૦૦ લોકો માર્યા ગયા જેમાં મોટા ભાગના સૈનિકો હતા પણ લોકો પર પણ બોમ્બમારો થયો હતો.



હું આ યુદ્ધનો અંત આવે તે પસંદ કરુ છું અને તેના માટે સતત પ્રયાસ પણ કરશું. આ દુશ્મનાવટ જે લોહીયાળ બની રહી છે તેનો તાત્કાલીક અંત લાવવો જરૂરી છે. શ્રી ટ્રમ્પે જણાવ્યું કે આ પ્રકારના યુદ્ધ જો અટકે નહી તો અંતે ત્રીજુ વિશ્વયુદ્ધ જ લાવશે.

દરેક આ રીતે યુદ્ધની રમત રમવા લાગશે. જે અંતે વિશ્વયુદ્ધનું સર્જન કરશે જે આપણે ઈચ્છતા નથી. આ અગાઉ વ્હાઈટહાઉસના પ્રવકતા કેરોલીન લેટીવે પત્રકારો સાથેની વાતચીતમાં કહ્યું હતું કે રશિયા-યુક્રેન યુદ્ધથી પ્રમુખ ટ્રમ્પ અત્યંત હતાશ છે. યુદ્ધનો અંત લાવવા રશિયા-યુક્રેન બહુ ધીમી પ્રગતિ કરી રહ્યો છે અને તેઓ મળવા ખાતર પણ મળવા તૈયાર નથી.

પ્રમુખ ટ્રમ્પ બીજું કંઈ નહી ફકત પરિણામ ઈચ્છે છે. બીજા કોઈ શબ્દ તેઓ સ્વીકારતા નથી. આ ચાર વર્ષના યુદ્ધનો અંત લાવવા અમેરિકા શકય તેટલી મધ્યસ્થતા કરવા તૈયાર છે અને પુરુ ટ્રમ્પ વહીવટીતંત્ર આ માટે સક્રીય છે અને યુરોપીયન નેતાઓ સાથે પણ વાતચીત કરી રહ્યા છે અને બન્ને તરફથી વાટાઘાટને તેવો આગ્રહ આપે છે.

જો કે યુક્રેને દાવો કર્યો છે કે, પ્રમુખ ટ્રમ્પ ઈચ્છે છે કે અમારી સેના દોનાસ્તક તંત્રમાંથી પાછી હટી જાય અને અહી ફ્રી ઈકોનોમીક ઝોન બનાવવાના બદલે પણ રશિયા તે ક્ષેત્ર પર પ્રભુત્વ ઈચ્છે છે. અમોએ ૨૦ મુદાની સમજુતી ઓફર કરી છે અને અમો ઈચ્છીએ છીએ કે રશિયા પર દબાણ વધારવામાં આવે તો યુદ્ધનો અંત લાવી શકાય છે.

## સોમવારથી વડાપ્રધાન મોદી જોર્ડન, ઈથોપિયા અને ઓમાનના પ્રવાસે

વડાપ્રધાન નરેન્દ્રભાઈ મોદી આગામી ૧૫મી ડિસેમ્બરથી ત્રણ દેશોના મહત્વપૂર્ણ રાજદ્વારી પ્રવાસે રવાના થશે. આ ચાર દિવસીય યાત્રા દરમિયાન તેઓ જોર્ડન, ઈથોપિયા અને ઓમાનની મુલાકાત લેશે. આ પ્રવાસનો મુખ્ય ઉદ્દેશ્ય પશ્ચિમ એશિયા અને આફ્રિકામાં ભારતના વ્યૂહાત્મક અને વ્યાપારી સંબંધોને મજબૂત કરવાનો છે.

૧. પ્રથમ તબક્કો જોર્ડનઃ વડાપ્રધાન મોદી ૧૫મી ડિસેમ્બરે જોર્ડન પહોંચશે. આ તેમની યાત્રાનો પ્રથમ મુકામ હશે., તેઓ જોર્ડનના રાજા અબ્દુલ્લા દ્વિતીય સાથે દ્વિપક્ષીય બેઠક યોજશે.

૨. બીજો તબક્કો ઈથોપિયાઃ જોર્ડન બાદ વડાપ્રધાનશ્રી ૧૬મી ડિસેમ્બરે ઈથોપિયા જવા રવાના થશે. પૂર્વ આફ્રિકાના આ દેશની ભારતીય વડાપ્રધાનની આ એક મહત્વની મુલાકાત હશે., અહીં તેઓ ઈથોપિયાના વડાપ્રધાન અબી અહેમદ અલી સાથે મુલાકાત કરશે અને મંત્રણા કરશે.

## કફ સિરપના ઉત્પાદકો દ્વારા મની લોન્ડ્રીંગ થયાનો ઘટસ્ફોટઃ અમદાવાદ, લખનૌ સહિતના ૬ શહેરોમાં દરોડા



**મુખ્ય સમાચાર, અમદાવાદ**

દેશના અનેક રાજયોમાં બાળકો માટેના કફ સીરપથી થયેલા મોત બાદ હવે તંત્રએ ઘાતક ઝેરી રસાયણો સાથે તૈયાર થતા આ પ્રકારના કફ સીરપના ઉત્પાદકો અને વેચાણકર્તાઓ પર શરૂ કરેલી ધોસમાં આજે અમદાવાદ, લખનૌ સહિતના છ શહેરોમાં દરોડા શરૂ કર્યા છે.

આ પ્રકારના કફ સીરપના ઉત્પાદકોમાં મોટા પાયે ગેરકાનુની ઉત્પાદનની મની લોન્ડ્રીંગ પણ કરવામાં આવ્યુ હોવાનુ બહાર આવ્યુ છે અને તેમાં ઈડીની ટીમે ગુજરાત-ઉતરપ્રદેશ-ઝારખંડમાં કાર્યરત ફાર્માસ્યુટીકલ કંપનીઓને તપાસ હેઠળ લીધી છે.

લખનૌમાં આ પ્રકારના ગેરકાનુની કફ સીરપના એક નેટવર્કમાં જે ઘટસ્ફોટ થયા તેના આધારે આ તપાસ શરૂ થઈ હતી. આ પ્રકારના વ્યાપારમાં શુભમ જયસ્વાલના બીઝનેસ નેટવર્ક ગુજરાત સહિતના રાજયોમાં જોડાયેલા છે.

જેમાં અમદાવાદ ઉપરાંત લખનૌ, સહારનપુર, વારાણસી અને જોનપુર ઉપરાંત રાંચીમાં દરોડા પાડવામાં આવ્યા છે. ઈડીની ટીમો ફાર્મા ફેકટરીથી તેના ડીસ્ટ્રીબ્યુશન નેટવર્કની તપાસ કરી રહી છે.

જેમાં વધુ બે લોકો આલોકસિંહ તથા અમીતસિંહ નામના ફાર્મા ડીસ્ટ્રીબ્યુટરની ભૂમિકા પણ ખુલી છે. કોડીન ફોર્મ્યુલાના કફ સીરપના ગેરકાનુની સ્ટોરેજ, ખરીદ વેચાણમાં હજારો કરોડના ગેરકાનુની વ્યવહારો થયા છે જેમાં શુભમ જયસ્વાલ હાલ નાસી છુટયો હતો.

## ઈન્ડિગો સંકટ વચ્ચે DGCAની મોટી કાર્યવાહીઃ ૪ નિરીક્ષક સસ્પેન્ડ

**મુખ્ય સમાચાર, નવીદિલ્હી**

ડિરેક્ટોરેટ જનરલ ઓફ સિવિલ એવિએશનએ ઇન્ડિગો એરલાઇન પર યોગ્ય દેખરેખ ન રાખવા બદલ ચાર ફ્લાઇટ ઑપરેશન્સ ઇન્સ્પેક્ટર્સને બરતરફ કર્યા છે. આ FOIs ઇન્ડિગો માટે મુખ્ય કામગીરી નિરીક્ષક તરીકે નિયુક્ત હતા અને એરલાઇન પાસે નિયત સંસાધનો, ખાસ કરીને ક્રૂની સંખ્યા છે કે નહીં તેની નજીકથી દેખરેખ રાખવા માટે જવાબદાર હતા.

આ તમામ ઇન્સ્પેક્ટરો ઇન્ડિગોની ફ્લાઇટ્સની સુરક્ષા અને સંચાલન સંબંધિત તપાસ સાથે સંકળાયેલા હતા. તેમની મુખ્ય જવાબદારી એરલાઇન્સ, ખાસ કરીને ઇન્ડિગોની સુરક્ષા અને ઑપરેશનલ ઓવરસાઇટ(સંચાલન દેખરેખ) કરવાની હતી અને તેઓ DGCAમાં કોન્ટ્રાક્ટ પર કામ કરતા હતા.




તપાસ અને દેખરેખમાં દાખવેલી બેદરકારીને કારણે જ DGCAને આટલું સખત પગલું ભરવું પડ્યું હોવાનું માનવામાં આવે છે, જેના પરિણામે આ અધિકારીઓ પર કાર્યવાહી કરવામાં આવી છે.

આ કાર્યવાહીનું મુખ્ય કારણ ઇન્ડિગોમાં પાયલટ્સની અછત છે. સૂત્રોના જણાવ્યા મુજબ, એરલાઇનને ૧ જુલાઈ, ૨૦૨૫ અને ત્યારબાદ ૧ નવેમ્બરથી લાગુ થનારા નવા 'ફ્લાઇટ ડ્યુટી ટાઇમ લિમિટેશન' અથવા ક્રૂ રોસ્ટરિંગ નિયમો વિશે સંપૂર્ણ જાણ હતી, જેના કારણે પાયલટની જરૂરિયાત વધવાની હતી, તેમ છતાં એરલાઇને પૂરતી ભરતી કરી નહોતી. આ અછતને કારણે એરલાઇન નવા FDTL મુજબ કામગીરી કરી શકતી નહોતી અને વ્યાપકપણે કેન્સલેશન ટાળવા માટે DGCAએ એરબસ A320 એરક્રાફ્ટ માટે આ નિયમોનો અમલ ૧૦ ફેબ્રુઆરી, ૨૦૨૬ સુધી મુલતવી રાખવો પડ્યો હતો.

## વલસાડમાં ઔરંગા નદી પર બાંધવામાં આવી રહેલ બ્રીજનો સ્લેબ ધરાશાયી થતા પાંચ મજુરો ઘાયલ

**મુખ્ય સમાચાર, વલસાડ**

વલસાડમાં ઔરંગા નદી પર બાંધવામાં આવી રહેલા બ્રીજનો સ્લેબ આજે ધડાકાભેર તૂટી પડતા દુર્ઘટના સર્જાઈ હતી તેમાં પાંચ મજુરો કાટમાળ હેઠળ દટાતા દાખલ થયા હતા.

વલસાડ શહેરના કૈલાશ રોડ ઉપર બ્રિજના નવ નિર્માણની કામગીરી દરમિયાન બાંધેલી પાલણ (બામ્બુ)નું સ્ટકચર તૂટી પડ્યું હોવાની ઘટના બની હતી. આ દુર્ઘટનામાં પાંચ જેટલા શ્રમિકો નીચે પટકાયા હતા અને ઈજાગ્રસ્ત હાલતમાં હોસ્પિટલે ખસેડાયા હતા.

કૈલાશ રોડ ઉપર નિર્માણધીન



બ્રિજની કામગીરી દરમિયાન આજે નવ વાગ્યાના અરસામાં બે પિલર વચ્ચેના ભાગે બ્રિજ બનાવવા બાંધેલી પાલણ અચાનક તૂટી પડતા કામ કરતા પાંચેક જેટલા શ્રમિકોને ઈજા પહોંચી છે. ઘટનાને પગલે ફાયર વિભાગ અને પોલીસ કાફલો ઘટનાસ્થળે પહોંચ્યો હતા.

ફાયર વિભાગે ચાર શ્રમિકોનું રેસ્ક્યૂ કરીને સારવાર અર્થે હોસ્પિટલ ખસેડ્યા છે. જ્યારે એક શ્રમિકની શોધખોળ ચાલુ છે.અહીંથી નીકળતા હરિચંન્દ્ર પ્રધાન નામના રાહદારીએ જણાવ્યું કે, બ્રિજમાં સળીયા નાખવાનું કામકાજ ચાલુ હતું. અનબેલેન્સ થતાં આ પડી ગયો હોવાનું દેખાય છે. મેં એમ્બ્યુલન્સ ને ફોન કર્યો હતો, બે એમ્બ્યુલન્સમાં ચાર માણસને સારવાર માટે મોકલવામાં આવ્યા છે.

પારડી-સાંઢપોર ગ્રામ પંચાયતના સરપંચ ભોલાભાઈ પટેલે જણાવ્યું કે, બ્રિજના છેલ્લા બે પિલર વચ્ચે લોખંડના ગડરથી સ્લેબ બનાવવાના હતા, પરંતું કંઇક ટેકો ખસી જતા આજે ધડાકાભેર તૂટી પડ્યો છે. ચાર લોકોને હોસ્પિટલ લઇ ગયા હોવાનું જાણવા મળ્યું છે. જ્યારે એકની શોધખોળ કરી રહ્યા હોવાનું જાણવા મળ્યું છે.

## આંધ્રપ્રદેશના ચિતુર નજીક ગમખ્વાર માર્ગ અકસ્માતમાં ૯ના મોત

**મુખ્ય સમાચાર, હૈદરાબાદ**

આંધપ્રદેશનાં ચિતુર નજીક સર્જાયેલી એક ગમખ્વાર માર્ગ દુર્ઘટનામાં ૩૫ મુસાફરો સાથેની બસ ખીણમાં ખાબકતા ૯ લોકોના મોત નીપજયા હતા. અને ૧૫ થી વધુ ઘાયલ થયા હતા.અકસ્માતની જાણ થતાં જ બચાવ રાહત કાફલો દોડી ગયો હતો અને રેસ્કયુ ઓપરેશન હાથ ધરવામાં આવ્યું હતું.

આંધ્રપ્રદેશમાં એક મોટો માર્ગ અકસ્માત થયો છે. ચિત્તૂરમાં ૩૫ મુસાફરો ભરેલી બસ ખીણમાં પડી ગઈ હતી. આ અકસ્માતમાં અત્યાર સુધીમાં ૯ લોકોના મોત થઈ ચુક્યા છે. વળી, ઈજાગ્રસ્તોને હોસ્પિટલમાં દાખલ કરવામાં આવ્યા છે. માર્ગ પરથી પસાર થતા એક વ્યક્તિએ પોલીસને અકસ્માતની સૂચના આપી હતી. પોલીસે જાણકારી મળતાની સાથે જ ઘટનાસ્થળે પહોંચી બચાવ કામગીરી હાથ ધરી હતી અને ઈજાગ્રસ્તોને હોસ્પિટલ ખસેડવામાં આવ્યા હતા.



જિલ્લા કલેક્ટર દિનેશ કુમારે અકસ્માતની પુષ્ટિ કરતા જણાવ્યું કે, ચિંટૂરૂ અને ભદ્રાચલમ વચ્ચે ઘાટ રોડ પર અકસ્માત સર્જાયો હતો. અહીં એક બસ રસ્તા પરથી ઉતરીને પલટી ગઈ હતી. ઈજાગ્રસ્તોને સારવાર માટે ભદ્રાચલમ હોસ્પિટલમાં દાખલ કરવામાં આવ્યા છે. બસમાં સવાર મુસાફર ભદ્રાચલમથી દર્શન કરીને પરત ફરી રહ્યા હતા વળાંક લેતા સમયે બેલેન્સ બગડતા રસ્તા પરથી નીચે પડી ગઈ. બસમાં મોટાભાગની મહિલાઓ અને બાળકો સવાર હતા.

પ્રાથમિક માહિતી અનુસાર, આ સમૂહ ભદ્રાચલમ મંદિરના દર્શન કરીને અન્નવરમ જઈ રહ્યા હતા. બસ ચિત્તૂર જિલ્લાથી ભાડે લેવામાં આવી હતી અને સંપૂર્ણ રીતે મુસાફરોથી ભરેલી હતી. ઘાટ રોડ પર વળાંક દરમિયાન આ અકસ્માત સર્જાયો.

આ ઘટના બાદ વિસ્તારમાં મોટી સંખ્યામાં લોકો એકઠા થઈ ગયા હતા. પોલીસે સમગ્ર વિસ્તારને ઘેરી લીધો હતો અને બચાવ કામગીરી શરૂ કરી હતી. બસને ભારે નુકસાન થયું હતું અને એવી આશંકા છે કે મૃત્યુઆંક વધી શકે છે, કારણ કે કેટલાક ઈજાગ્રસ્તોની હાલત ગંભીર છે. વહીવટીતંત્રે જણાવ્યું છે કે, અકસ્માતના કારણની તપાસ કરવામાં આવશે અને માર્ગ સલામતીના પગલાંની સમીક્ષા કરવામાં આવશે.

# જામનગર મહાનગરપાલિકાની સ્ટેન્ડિંગ કમિટી દ્વારા રૂ.૪૧.૩૦ કરોડના કામને મંજૂરી અપાઈ




**મુખ્ય સમાચાર, જામનગર**

જામનગર મહાનગરપાલિકાની સ્ટેન્ડિંગ કમિટીની મળેલી બેઠકમાં કુલ રૂ. ૪૧ કરોડ ૩૦ લાખના ખર્ચને મંજૂરી આપવામાં આવી હતી. આ ઉપરાંત ચાર દરખાસ્તો ચેર ઉપરથી રજૂ કરવામાં આવી હતી.જામનગર મહાનગર પાલિકા ની સ્ટેન્ડીંગ કમિટી ની મીટીંગ ચેરમેનના અધ્યક્ષ સ્થાને મળી હતી. તેમાં કુલ ૧૦ સભ્યો ઉપરાંત મેયર વિનોદભાઈ ખીમસૂર્યા,કમિશ્નર ડી.એન.મોદી, ડે. કમિશ્નર દેવેન્દ્રસિંહ ઝાલા, સીટી એન્જીનીયર ભાવેશભાઈ જાની, આસી. કમિશ્નર વ. મુકેશ વરસણા, ઈંચા. આસી. કમિશ્નર ટે. જીજ્ઞેશ નિર્મલ ઉપસ્થિત રહ્યાં હતા.સીવીલ સેન્ટ્રલ ઝોન વોર્ડ નં. ૧૩ વિસ્તારમાં ખાનગી સોસાયટીઓમાં, ગુજરાત હાઉસીંગ બોર્ડની વસાહતોમાં તથા અન્ય રહેણાંક વિસ્તારોમાં લોકભાગીદારીથી માળખાકીય સુવિધાઓની વિકાસની યોજના અંતર્ગત સી.સી. રોડ સી.સી. બ્લોક પેવર બ્લોક.ના કામ અંગે રૂા. ૨૫૦ લાખ , સીવીલ સેન્ટ્રલ ઝોન વોર્ડ નં. ૧૪.વિસ્તારમાં ખાનગી સોસાયટીઓમાં, ગુજરાત હાઉસીંગ બોર્ડની વસાહતોમાં તથા અન્ય રહેણાંક વિસ્તારોમાં લોકભાગીદારીથી માળખાકીય સુવિધાઓની વિકાસની યોજના અંતર્ગત સી.સી. રોડ સી.સી. બ્લોક પેવર બ્લોક ના કામ અંગે રૂા. ૨૫૦ લાખના ખર્ચને બહાલી આપવામાં આવી હતી.વોર્ડ નં. ૧૧, ગુજરાત ગેસ પમ્પ થી નવનાલા થી યોગેશ્વરનગર થી હાપા માર્કેટ યાર્ડ રેલ્વે બીજ સુધી ૩૦ મીટર પહોળા રોડ પર સી.સી. રોડ બનાવવા માટે.રૂા. ૧૦૯૬.૬૧ લાખ , વોર્ડ નં. ૧૦માં પોટરીવાળી ગલીમાં પોસ્ટ ઓફીસ થી સતવારા સમાજ થઈ ઈન્દીરા રોડ ના પેટ્રોલ પમ્પ તથા તેની લગત આંતરિક શેરી વિસ્તારના સી.સી. રોડ તથા ધણ શેરીની ખાડ થી ભાનુશાળી લોખંડવાળા થઈ પેટ્રોલ પમ્પને જોડતા આડા ઉભા રોડમાં સી.સી. રોડ બનાવવાના કામ માટે રૂા. ૧૬૩.૯૧ લાખ., વોર્ડ નં. ૧૫, કનસુમરા પાટીયા સામેથી સર્વે નં. ૧૩૨૭થી સર્વે નં. ૧૩૦૭થી સર્વે નં. ૮૦ રાજકોટ જામનગર હાઈવે સુધી સી.સી. રોડના કામ અન્વયે વધારાના કામ માટે રૂા. ૪૭.૮૪ લાખ , વોર્ડ નં. ૨, ગાંધીનગર સ્મશાનની કમ્પાઉન્ડ વોલ ના કામ અંગે રૂા. ૨૧.૭૩ લાખ , સીવીલ વેસ્ટ ઝોન વોર્ડ નં. ૧, ૬ અને ૭ માં સ્ટ્રેન્સિંધનિંગ એન્ડ અપગ્રેડેશન ઓફ કેનાલ.બીજ વર્કસના કામે અન્વયે વધારાના કામના ખર્ચ માટે રૂા. ૫ લાખ , સીવીલ વેસ્ટ ઝોન વોર્ડ નં. ૧, ૬ અને ૭માં સ્ટ્રેન્ધનીંગ એન્ડ અપગ્રેડેશન ઓફ ગાર્ડન વર્કસના કામ અન્વયે વધારાના કામના ખર્ચ અંગે રૂા. ૫ લાખ, સીવીલ વેસ્ટ ઝોન વોર્ડ નં. ૧, ૬ અને ૭માં સ્ટ્રેન્ધનીંગ એન્ડ અપગ્રેડેશન ઓફ ટ્રાફીક વર્કસના કામ અન્વયે વધારાના કામના ખર્ચ અંગે રૂા. ૫ લાખ, સીવીલ વેસ્ટ ઝોન વોર્ડ નં. ૧, ૬ અને ૭ માં સ્ટ્રેન્ધનીંગ એન્ડ અપગ્રેડેશન ઓફ બિલ્ડીંગ વર્કસના કામ અન્વયે વધારાના ખર્ચ અંગે રૂા. ૫ લાખ, ડીઝાઈન, ડેવલોપમેન્ટ, ઈમ્પલીમેન્ટેશન અને મેઈન્ટેનન્સ ઓફ સ્પેશીયલ ઈનેબલ વેબ પોર્ટલ યુઝીંગ લોકેશન બેઈઝ ઈન્ફોર્મેશન સીસ્ટમ અપડેટ વિથ ચેન્જ ડીટેકશનના કામ અંગે રૂા. ૮૮૫.૧૪ લાખ.જામનગર શહેર માં ખંભાળીયા રોડ પર હોટલ વિશાલ પાસે થી સત્યમ કોલોની અન્ડર બ્રિજને જોડતી હયાત કેનાલને આર.સી.સી. બોક્ષ કેનાલ બનાવવાના કામ અંગે રૂા. ૩૯૨.૭૭ લાખ, લાલપુર બાયપાસ જંકશન પાસે આવેલ સરદાર રિવેરા થી દડીયા ગામ રણજીતસાગર.રોડ સુધી આસ્ફાલ્ટ પેચવર્ક રી-કાર્પેટીંગ કરવાના કામ અંગે રૂા. ૩૩.૧૦ લાખ, ગણેશ મહોત્સવ-૨૦૨૫ અન્વયે સરદાર રિવેરામાં આવેલ કોન્ટ્રીબ્યુશન લેન્ડમાં ફીલિંગ કરવાના કામ અંગે રૂા. ૧૨.૪૯ લાખના ખર્ચને મંજૂરી આપવામાં આવી હતી. જનરલ બોર્ડ ઠરાવ માં વોટર વર્કસ સબ ઈન્સ્પેકટરની મંજુર થયેલ જગ્યામાં વધારો કરવા અંગે કમિશ્નરની રજુ થયેલ દરખાસ્ત મંજૂર કરી ભલામણ સાથે જનરલ બોર્ડ મા મૂકવા નિર્ણય લેવાયો હતો.આ ઉપરાંત અધ્યક્ષ સ્થાનેથી ચાર દરખાસ્ત રજૂ કરવામાં આવી હતી .જેમાં વોર્ડ નં. ૯, દિપક ટોકીઝથી ચાંદી બજાર પોસ્ટ ઓફીસ તેમજ ચાંદી બજાર સર્કલ થઈને માંડવી ટાવર સુધી સી.સી. રોડ બનાવવાના કામ અંગે રૂા.૪૦૧.૬૪ લાખ , સીવીલ સાઉથ ઝોન વોર્ડ નં. ૧૫વિસ્તારમાં ખાનગી સોસાયટીઓમાં, ગુજરાત હાઉસીંગ બોર્ડની વસાહતોમાં તથા અન્ય રહેણાંક વિસ્તારોમાં લોકભાગીદારીથી માળખાકીય સુવિધાઓની વિકાસની યોજના અંતર્ગત સી.સી. રોડ સી.સી. બ્લોક પેવર બ્લોકના કામ અંગે રૂા. ૨૫૦ લાખ ,સીવીલ સાઉથ ઝોન વોર્ડનં.૮ વિસ્તારમાં ખાનગી સોસાયટીઓમાં, ગુજરાત હાઉસીંગ બોર્ડની વસાહતોમાં તથા અન્ય રહેણાંક વિસ્તારોમાં લોકભાગીદારીથી માળખાકીય સુવિધાઓની વિકાસ ની યોજના અંતર્ગત સી.સી. રોડ.સી.સી. બ્લોક પેવર બ્લોકના કામ અંગે રૂા. ૨૫૦ લાખ અને જામનગર મહાનગરપાલિકા દ્વારા આયોજીત સાયકલોથોન ઈવેન્ટ રૂટ માં આસ્ફાલ્ટ પેચવર્ક રી-કાર્પેટીંગ કરવાના કામ અંગે રૂા. ૫૫.૧૧ લાખ નું ખર્ચ માન્ય રાખવામાં આવ્યું હતું. આમ આજની બેઠકમાં કુલ રૂા. ૪૧ કરોડ ૩૦ લાખ ના વિવિધ વિકાસ કામોને મંજૂરી આપવામાં આવી હતી.

# જામનગરની સરકારી હોસ્પિટલ ખાતે સારવાર તથા મુલાકાતે આવતા નાગરિકોએ પોતાના વાહન જૂની પોલીસ લાઈનમાં પાર્ક કરવાના રહેશે

**મુખ્ય સમાચાર, જામનગર**

જામનગર, ગુરુ ગોબિંદસિંગ સરકારી હોસ્પિટલ જામનગર ખાતે નવીનીકરણની કામગીરી શરૂ થયેલ હોવાથી હોસ્પિટલ કેમ્પસની અંદર હાલમાં પાર્કિંગ માટેની જગ્યા ઉપલબ્ધ ન હોવાથી દર્દીઓ અને દર્દીના સગા માટે ટુ-વ્હીલર, થ્રી-વ્હીલર અને ફોર-વ્હીલર વાહનોનું પાર્કિંગ હિંમતનગર રોડ પાસે આવેલ જૂની પોલીસ લાઈનમાં કરવામાં




આવેલ છે. આથી તમામ જનતાને જણાવવામાં આવે છે કે સારવાર લેવા તથા દર્દીની મુલાકાતે આવતા મુલાકાતીઓએ સૌપ્રથમ દર્દીને જે તે હોસ્પિટલ બિલ્ડિંગ ખાતે ઉતારી પોતાનું વાહન ફરજિયાતપણે હિંમતનગર રોડ પાસે આવેલ જૂની પોલીસ લાઈનમાં પાર્ક કરવાનું રહેશે તેમ તબીબી અધિક્ષક, ગુરુ ગોબિંદસિંગ સરકારી હોસ્પિટલ, જામનગરની યાદીમાં જણાવાયું છે.

# જામનગરમાં પત્નીને ભગાડી જનાર પિતરાઈ ભાઈની હત્યા, પોલીસે હથિયાર સાથે આરોપીને ઝડપી પાડ્યો

**મુખ્ય સમાચાર, જામનગર**

જામનગરમાં શંકર ટેકરી વિસ્તારમાં રહેતા એક યુવાન પર તેનાજ પિતરાઈ ભાઈ દ્વારા છરીના ઘા ઝીંકીને હત્યા નિપજાવી હતી. સમગ્ર મામલે પોલીસે હત્યાનો ગુનો નોંધીને તપાસ આદરી હતી. પોલીસે આરોપીની ધરપકડ કરીને રિમાન્ડ પર લેવાની કાર્યવાહી હાથ ધરી છે.મળતી માહિતી મુજબ, જામનગરમાં શંકર ટેકરી વિસ્તારમાં રહેતો જીતેન્દ્ર ઉર્ફે જયલો જગદીશભાઈ ચાવડા ઉં.વ.૨૮ને ૧૦ ડિસેમ્બરની સવારે દિગ્વિજય પ્લોટ શેરી નં. ૪૯ના છેડે તેનાજ પિતરાઈ ભાઈ દિલીપ રમેશભાઈ ચાવડાએ છરીના ઉપરા છાપરી ઘા ઝીકી દઈ હત્યા નિપજાવી હતી.મૃતક યુવાન પોતાના એક્ટિવા સ્કૂટર પર જઈ રહ્યો હતો, આ દરમિયાન આરોપીએ રસ્તામાં રોકીને તેના પર આ હુમલો કરી દીધો હતો. જેથી મૃતક યુવાન લોહી લુહાણ થઈને ત્યાં ઢળી પડ્યો હતો અને બનાવ હત્યામાં પરિણમ્યો હતો.પોલીસ તપાસમાં જાણવા મળ્યું હતું કે, મૃતક આજથી આઠ મહિના પહેલા આરોપી દિલીપની પત્નીને ઉઠાવી ગયો હતો, અને પોતાના ઘરમાં રાખી હતી. જેનું મનદુઃખ રાખીને આરોપીએ મોકાનો લાભ લઈને હત્યા નીપજાવી હતી. સમગ્ર બનાવ અંગે મૃતકના પિતા જગદીશભાઈ ચાવડાએ પોલીસ ફરિયાદ નોંધાવી હતી, જેના આધારે પોલીસે આરોપી દિલીપ સામે ગુનો નોંધીને ધરપકડ કરવામાં આવી છે. પોલીસે હત્યામાં વપરાયેલી છરી અને આરોપીનું સ્કૂટર વગેરે કબજે કર્યું છે અને વધુ પૂછપરછ માટે આરોપીને રિમાન્ડ પર લેવા માટેની કાર્યવાહી હાથ ધરવામાં આવી રહી છે.

# મોરબી-માળીયા હાઈવે ઉપર પાનની દુકાનમાં નશાયુક્ત મેફેડ્રોન પાવડરનો વેપલો કરતા એક પકડાયો

## એસઓજી પોલીસે ૧૪ ગ્રામ મેફેડ્રોન પાવડર, રોકડ, મોબાઈલ સહિત ૧.૦૧ લાખનો મુદ્દામાલ કબ્જે કર્યો

**મુખ્ય સમાચાર, મોરબી**

મોરબી એસઓજી પોલીસ ટીમે પૂર્વ બાતમીને આધારે મોરબી-માળીયા હાઈવે ઉપર આવેલ ધ ફન હોટલની બાજુમાં ડીલક્ષ પાનની દુકાનમાંથી મેફેડ્રોન પાવડરના જથ્થા સાથે એક ઈસમને પકડી લઈ તેની વિરુદ્ધ એનડીપીએસ એક્ટ હેઠળ ગુનો નોંધાવી ધોરણસરની કાર્યવાહી હાથ ધરી છે.

મોરબી જીલ્લા પોલીસ અધીક્ષકની સુચના અન્વયે એસ.ઓ.જી. પીઆઇ દ્વારા ગેરકાયદેસર નાર્કોટીક્સ માદક પદાર્થ વેચાણ કરતા ઇસમો વિરૂધ્ધ કાયદેસરની કાર્યવાહી કરવા જણાવેલ હોય જે અન્વયે એસ.ઓ.જી.સ્ટાફને બાતમી મળેલ કે નવઘણભાઈ કિશોરભાઈ છીપરીયા માળીયા-મોરબી હાઈવે ધ ફર્ન હોટલની સામે હોટેલ ફન ઇમ્પીરીયલની બાજુમાં આવેલ પોતાના કબ્જા ભોગવટાની ડીલક્ષ પાનની દુકાનમાં ગેરકાયદેસર મેફેડ્રોન પાવડરનો જથ્થો રાખી પોતાના ગ્રાહકોને ખાનગીમાં વેચાણ કરે છે. જે બાતમી આધારે ઉપરોક્ત સ્થળે રેઈડ કરતા આરોપી નવઘણભાઈ કિશોરભાઈ છીપરીયા રહે. હાલ-કુબેરનાથ સોસાયટી ત્રિલોકધામ પાસે મોરબી મુળરહે. જાળીવાળા કુવા પાસે ખળખળનગર નવાગામ ઘેડ જામનગર વાળો ૧૪



ગ્રામ મેફેડ્રોન પાવડર કિ.રૂ. ૪૨,૦૦૦/-, મેફેડ્રોન પાવડરનુ વેચાણ કરી મેળવેલ રોકડ રૂપીયા ૨૯,૬૦૦/- તથા મોબાઇલ ફોન નંગ-૨ કિ.રૂ. ૩૦,૦૦૦/- સહિત કુલ કિ.રૂ. ૧,૦૧,૬૦૦ /-ના મુદ્દામાલ સાથે મળી આવતા તેની અટક કરી આરોપી વિરુદ્ધ બી ડિવિઝન પોલીસ મથકમાં એનડીપીએસ એકટ હેઠળ ગુનો રજીસ્ટર કરાવી આગળની તપાસ ચલાવી છે.

# મોરબીના શહીદ જવાનના પરિવારને અજય લોરિયાની એક લાખ સહાયની જાહેરાત

**મુખ્ય સમાચાર, મોરબી**

મોરબીના શહીદ જવાન ગણેશભાઈ પરમારની અંતિમ યાત્રામાં મોટી સંખ્યામાં લોકો ઉમટી પડ્યા હતા. યાત્રા દરમિયાન અજયભાઈ લોરિયા દ્વારા શહીદના પરિવારને રૂ. ૧ લાખ સહાય આપવાની જાહેરાત કરવામાં આવી છે.



મોરબીના વતની અને ભારતીય સેનામાં જવાન તરીકે ફરજ બજાવતા ગણેશભાઈ મનસુખભાઈ પરમાર સિકંદરાબાદ ખાતે ફરજ દરમિયાન શહીદ થયા હતા. શહીદની અંતિમ યાત્રા ગેંડા સર્કલથી ભારે ભવ્યતા સાથે સંપન્ન થઈ હતી. આ અંતિમ યાત્રામાં શહેરીજનો, સામાજિક સંસ્થાઓ અને અનેક યુવાનો મોટી સંખ્યામાં જોડાયા હતા. આ પ્રસંગે સેવાએ એજ સંપત્તિ ફાઉન્ડેશનના ઓનર અજયભાઈ લોરિયાએ શહીદના પરિવારને આર્થિક સહાયરૂપે રૂ. ૧,૦૦,૦૦૦/- આપવાની જાહેરાત કરી હતી.

# હળવદના રાતાભેરમાં થયેલ ચાર ભેંસની ચોરીનો ભેદ ઉકેલાયો, એક આરોપીની અટક





**મુખ્ય સમાચાર, જામનગર**

હળવદ તાલુકાના રાતાભેર ગામમાંથી ચાર ભેંસની ચોરીનો ભેદ હળવદ પોલીસે ગણતરીની કલાકોમાં ડિટેક્ટ કર્યો છે. સર્વેલન્સ ટીમને મળેલી બાતમી આધારે વાંકીયા ગામની સીમમાંથી આરોપીને મુદામાલ સાથે ઝડપી લેવામાં આવ્યો હતો. હાલ હળવદ પોલીસે ચારેય ભેંસનો કબજો લઈ આરોપી વિરુદ્ધ ગુનો નોંધી કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે.

હળવદ પોલીસ સ્ટેશનના પીઆઇ આર.ટી. વ્યાસના માર્ગદર્શન હેઠળ સર્વેલન્સ ટીમ દ્વારા અનડિટેક્ટ ગુનાઓ ઉકેલવા માટે સતત કાર્યરત હોય ત્યારે ગત ૧૦/૧૨/૨૦૨૫ના રોજ રાતાભેર ગામના રહેવાસી મુકેશભાઈ હેમુભાઈ ઈન્દરીયાની વાડી સહિત અલગ અલગ ત્રણ સ્થળે બાંધેલી ચાર ભેંસ, જેની કિં.રૂ. ૧,૦૦,૦૦૦/-ની ચોરી થયાની ફરીયાદ નોંધાઈ હતી. ફરીયાદને આધારે પો.કોન્સ હરવિજયસિંહ ઝાલા અને સાગરભાઈ કુરીયાને મળેલી ચોક્કસ બાતમીના આધારે મોરબી તાલુકાના વાંકીયા ગામની સીમમાંથી આરોપી જયંતીભાઈ છગનભાઈ સોનગઢી ઉવ.૪૨ હાલ રહે.ધરમપુર ટીંબડી તા.મોરબી મૂળરહે. રાલેજ તા. ખંભાત જી.આણંદ વાળાને ચોરી કરેલ ચારેય ભેંસ સાથે પકડી લેવામાં આવ્યો હતો.

# વાંકાનેરના જેસીબી લે-વેચના વેપારી સાથે ૧૫ લાખની ઠગાઈ, યુપીના રહેવાસી સામે ફરિયાદ

**મુખ્ય સમાચાર, મોરબી**

વાંકાનેરના પાંચદ્વારકા ગામે રહેતા જેસીબી લે-વેચના ધંધાર્થી પાસેથી યુપીના એક શખ્સે જેસીબી વેચાણના નામે રૂપિયા ૧૫ લાખ લઇ ન તો જેસીબી કે વેચાણના રૂપિયા પરત ન આપી ઠગાઈ કરી હતી. જ્યારે વચ્ચે રહેલ દલાલે પણ આપેલ ટોકન રકમ પણ પરત ન આપતા કુલ ૧૫.૨૧ લાખની ઠગાઈ તથા વિશ્વાસઘાત કર્યા અંગે વાંકાનેર સીટી પોલીસ મથકે ફરિયાદ નોંધાઈ છે.

વાંકાનેરના પાંચદ્વારકા વિસ્તારમાં રહેતા અને જેસીબી લે-વેચનો વ્યવસાય કરતા ઝુલ્ફીકારઅલી ઉસ્માનભાઈ બાદીએ આરોપી યુપીના ગાજિયાબાદના ભુપેન્દ્ર ઓમપ્રકાશ સામે ઠગાઈની ફરિયાદ નોંધાવી છે. જે ફરિયાદમાં જણાવ્યા મુજબ તેમના ઓળખીતા બ્રોકર વિનોદખાનસિંગે વર્ષ ૨૦૨૪માં વ્હોટ્સએપ ઉપર જેસીબી રજી.નં. યુટી-૧૪-એનટી-૮૮૪૯ ના ફોટા તથા આરસી બુક સહિતના દસ્તાવેજ મોકલ્યા હતા. જે જેસીબીની કિ.રૂ.૧૫ લાખ નક્કી થતા, ફકરિયાદી ઝુલ્ફીકારઅલીએ વચ્ચેના બ્રોકરને ટોકન આપવાનું કહી દીધું એટલે બ્રોકર વિનોદસિંગે ટોકન તરીકે રૂ.૨૧,૦૦૦/- આપી દીધા હતા અને ત્યારબાદ લોન રકમ ભરવા માટે આરોપી ભુપેન્દ્રના ખાતામાં જેસીબીની મૂળ રકમ રૂ.૧૫ લાખ ટ્રાન્સફર કર્યા હતા. જેસીબીના વેચાણ માટેની સંપૂર્ણ રકમ જમા થયા બાદ પણ આરોપી ભુપેન્દ્રભાઈએ જેસીબી આપવાની ના કહી દીધી તથા પૈસા પણ પરત આપવાનો ઈનકાર કર્યો હતો. આથી હાલ ભોગ બનનારે કુલ રૂ.૧૫,૨૧,૦૦૦/- વિશ્વાસઘાત અને ઠગાઈ કર્યા અંગે વાંકાનેર સીટી પોલીસ મથકે પ્રથમ અરજી કર્યા બાદ હાલ આરોપી સામે પોલીસે ગુનો દાખલ કરી આગળની તપાસ ચલાવી છે.

# મોરબી મનપા દ્વારા નવલખી રોડ પર સ્વચ્છતા શ્રમદાન યોજાયું, 30 ટન વેસ્ટનો નિકાલ





**મુખ્ય સમાચાર, મોરબી**

મોરબી મહાનગરપાલિકાએ શહેરમાં સ્વચ્છતા જાળવવા નવલખી રોડ ખાતે વિશાળ શ્રમદાન કાર્યક્રમનું આયોજન કર્યું હતું. જેમાં અંદાજે ૨૫૦ નાગરિકો, અધિકારીઓ અને યંગ ઇન્ડિયા ગ્રુપના સભ્યો આ અભિયાનમાં જોડાયા હતા. સફાઈ દરમિયાન વિવિધ મશીનરીની મદદથી લગભગ ૩૦ ટન સોલિડ અને સી એન્ડ ડી કચરાનો નિકાલ કરવામાં આવ્યો હતો.

મોરબી મહાનગરપાલિકા દ્વારા તા. ૧૧ ડિસેમ્બરના રોજ નવલખી રોડ વિસ્તારમાં વિશાળ સ્વચ્છતા અભિયાન અને શ્રમદાનનું આયોજન કરવામાં આવ્યું હતું. આ અભિયાનમાં કમિશ્નર, નાયબ કમિશ્નર સહિત મહાપાલિકા સ્ટાફે સક્રિય ઉપસ્થિતિ નોંધાવી હતી. સાથે સાથે યંગ ઇન્ડિયા ગ્રુપ તેમજ સ્થાનિક નાગરિકો સહિત કુલ અંદાજે ૨૫૦ જેટલા લોકો શહેર સ્વચ્છતા માટેના આ પ્રયાસમાં જોડાયા હતા. અભિયાન દરમિયાન ૧૪ ટ્રેક્ટર અને ૨ લોડર જેવી મશીનરીનો ઉપયોગ કરવામાં આવ્યો હતો. આ મશીનરીની મદદથી કુલ ૩૦ ટન સોલિડ વેસ્ટ તેમજ સી એન્ડ ડી વેસ્ટનો નિકાલ સફળતાપૂર્વક કરવામાં આવ્યો હતો. ત્યારે મહાનગરપાલિકા દ્વારા જણાવ્યું કે આ અભિયાનનો હેતુ શહેરને વધુ સ્વચ્છ અને સુંદર બનાવવાનો છે.

આ ઉપરાંત સ્વચ્છતા પ્રત્યે જનજાગૃતિ ફેલાવવા માટે ''શ્રમદાન ફોર મોરબી'' નામનું વાર્ષિક કેલેન્ડર પણ તૈયાર કરવામાં આવ્યું છે. આ સાથે મોરબી મહાનગરપાલિકાએ તમામ મોરબીવાસીઓને ભવિષ્યના આવા અભિયાનમાં વધુમાં વધુ સંખ્યામાં જોડાવવા આહ્વાન કર્યું છે.

# મોરબીમાં અગ્રીમ ક્ષેત્રના વિકાસ માટે કલેક્ટરે સંભવિત ધિરાણ યોજનાની સમીક્ષા અને વિમોચન કર્યું

## મોરબી જીલ્લા માટે નાબાર્ડ દ્વારા સંભવિત ધિરાણ માટે અંદાજીત રૂ. ૨૬,૪૩૪ કરોડનું મૂલ્યાંકન કરાયું



**મુખ્ય સમાચાર, મોરબી**

મોરબી જીલ્લા માટે નાબાર્ડ ગુજરાત પ્રાદેશિક કાર્યાલય દ્વારા વર્ષ ૨૦૨૬-૨૭ માટે તૈયાર કરાયેલ સંભવિત ધિરાણ માટેની યોજના (પીએલપી)ની મોરબી કલેક્ટર કે.બી. ઝવેરીએ સમીક્ષા કરી હતી અને કલેક્ટર હસ્તે આ ધિરાણ યોજનાનું વિમોચન કરી આયોજન જાહેર કરવામાં આવ્યું હતું.

મોરબી નાબાર્ડના ડીડીએમ આદિત્ય નિકમે લીડ બેંક યોજનામાં પીએલપીનું મહત્વ અને જીલ્લાની ક્રેડિટ પ્લાનિંગ પ્રક્રિયાને વેગ આપવામાં નાબાર્ડની સંભવિત ધિરાણ માટેની યોજના (પીએલપી) ભૂમિકા વિશે માહિતી આપી હતી. ઉલ્લેખનીય છે કે, વર્ષ ૨૦૨૬-૨૭ માટે મોરબી જીલ્લામાં અગ્રિમ ક્ષેત્રોના વિકાસ માટે સંભવિત ધિરાણ માટે અંદાજીત રૂ. ૨૬,૪૩૪.૪૯ કરોડનું મૂલ્યાંકન કરવામાં આવ્યું છે, જેમાં કૃષિ, એમએસએમઈ અને અન્ય પ્રાથમિક ક્ષેત્રોને આવરી લેવામાં આવ્યા છે. આ મૂલ્યાંકન કરાયેલી સંભાવનાઓને જીલ્લા ધિરાણ યોજના (ડીસીપી) માં સમાવિષ્ટ કરવામાં આવશે અને જીલ્લામાં કાર્યરત તમામ બેંકો માટે વાર્ષિક ધિરાણ લક્ષ્ય નિર્ધારિત કરી તેને સાકાર કરવામાં મહત્વની ભૂમિકા ભજવશે.

આ કાર્યક્રમમાં મોરબી નિવાસી અધિક કલેક્ટર એસ. જે. ખાચર, જીલ્લા વિકાસ અધિકારી શૈલેષચંદ્ર ભટ્ટ અને ડેપ્યુટી કલેક્ટર ઉમંગ પટેલ, મોરબી પ્રાંત અધિકારી પ્રવિણસિંહ જેતાવત, વાંકાનેર પ્રાંત અધિકારી વિપુલ સાકરીયા, લીડ બેંક ડિસ્ટ્રિક્ટ મેનેજર (એલડીએમ) સાકીર છીપા અને જીલ્લા વહિવટી તંત્રના સબંધિત વિભાગો તથા બેંકના અધિકારીઓ હાજર રહ્યા હતા.

# મોરબી એલ.ઈ. ગ્રાઉન્ડમાં વોકિંગ દરમિયાન ગભરામણ બાદ ૨૫ વર્ષીય યુવકનું મોત

**મુખ્ય સમાચાર, મોરબી**

મોરબીમાં આવેલ એલ.ઈ. કોલેજ ગ્રાઉન્ડમાં ચાલતા સમયે અચાનક ગભરામણ થતા ૨૫ વર્ષીય યુવકનું મોત થયું હોવાના બનાવ અંગે બી ડિવિઝન પોલીસે અ. મોતની નોંધ કરી છે.

મોરબી શહેરના ગાયત્રીનગર વાવડી રોડ ખાતે રહેતા રાજેશકુમાર નાગદાનભાઈ જેઠા ઉવ.૨૫ ગઈકાલે એલ.ઈ. કોલેજ ગ્રાઉન્ડમાં વોકિંગ કરી રહ્યા હતા. ત્યારે ચાલતા-ચાલતા અચાનક તેમને ગભરામણ થતાં તેઓ બેહોશ થઈ ઢળી પડ્યા હતા. જેથી તેઓને સારવાર માટે મોરબી સરકારી હોસ્પિટલ ખાતે લાવતા જ્યાં હાજર તબીબે જોઈ તપાસી રાજેશકુમારને મૃત જાહેર કર્યા હતા. મૃત્યુના આ બનાવ અંગે પોલીસે અ. મોતની નોંધ કરી છે.

# મોરબી મનપા કમિશ્નરની આવાસ યોજનાઓની સાઈટ વિઝીટ, બંધ આવાસોના રી-વેરિફિકેશનના આદેશ

**મુખ્ય સમાચાર, મોરબી**

મોરબી મહાનગરપાલિકા કમિશ્નર દ્વારા પ્રધાનમંત્રી અને મુખ્યમંત્રી આવાસ યોજનાઓ હેઠળનાં આવાસોની સાઇટ પર તપાસ હાથ ધરાઈ હતી. જ્યાં બંધ મળેલા આવાસોનું રાત્રિ દરમ્યાન રી-વેરિફિકેશન કરવામાં આવ્યું હતું. જ્યારે કાયમી વસવાટ ન કરતા લાભાર્થીઓના આવાસો રદ્દ કરાશે તેવી કમિશ્નર દ્વારા કડક સૂચના આપવામાં આવી હતી.



મોરબીમાં તા.૦૪/૧૨ ના રોજ મહાનગરપાલિકાના કમિશ્નર, નાયબ કમિશ્નર (પ્રોજેક્ટ) તથા આવાસ યોજના ટીમ દ્વારા PMAY અને CM આવાસ યોજના (IHSDP) હેઠળના આવાસોની સાઇટ વિઝિટ કરાઈ હતી. આ વિઝિટ દરમિયાન અનેક સ્થળોએ આવાસો બંધ મળ્યા બાદ કમિશ્નરની સૂચના મુજબ આવાસ ટીમે રાત્રિના સમયમાં રી-વેરિફિકેશન હાથ ધર્યું હતું. ત્યારે તપાસમાં બહાર આવ્યું કે કેટલાક લાભાર્થીઓ દ્વારા ફાળવાયેલા આવાસોનો કાયમી ઉપયોગ કરવામાં આવતો નથી. જેથી આવાસનો નિયમિત ઉપયોગ ન કરતા લાભાર્થીઓના યુનિટ રદ્દ કરવા માટે કમિશ્નરે સ્પષ્ટ સૂચના આપી હતી. આ સાથે સરકાર દ્વારા ઉપલબ્ધ કરાવવામાં આવેલા આવાસોનો કાયમી ધોરણે ઉપયોગ કરવો જરૂરી હોવાનું મોરબી મહાનગરપાલિકાએ જણાવ્યું છે. સાથે જ યોજનાની સાઇટને સ્વચ્છ અને જાળવણીસભર રાખવા લાભાર્થીઓને અનુરોધ કરવામાં આવ્યો હતો.

# મોરબીમાં ઘરફોડ ચોરીના ત્રણ ગુનામાં ૧૦ વર્ષથી વોન્ટેડ આરોપી મધ્યપ્રદેશમાંથી ઝડપાયો

**મુખ્ય સમાચાર, મોરબી**

મોરબી તાલુકા પોલીસ સ્ટેશનના ત્રણ ઘરફોડ ચોરીના ગુનાઓમાં ૧૦ વર્ષથી નાસતા ફરતા આરોપીને એલસીબી/પેરોલ ફર્લો સ્ક્વોડ ટીમે હ્યુમન સોર્સ અને ટેકનિકલ માહિતીના આધારે એમપીના શાહગંજ વિસ્તારમાંથી હસ્તગત કર્યો હતો. આ સાથે આગળની કાયદેસરની કાર્યવાહી માટે પકડાયેલ આરોપીને મોરબી તાલુકા પોલીસ મથકે સોંપવામાં આવ્યો છે.



મોરબી તાલુકા વિસ્તારમાં વર્ષ ૨૦૧૫ માં થયેલા ત્રણ ઘરફોડ ચોરીના ગુનાઓમાં સંડોવાયેલ અને છેલ્લા ૧૦ વર્ષથી નાસતો ફરતો આરોપી જફરૂદીન કમરૂદીન મેવને આખરે મોરબી એલસીબી અને પેરોલ-ફર્લો સ્કવોડ દ્વારા પકડી પાડવામાં સફળતા મળી છે. આરોપી જફરૂદીન મૂળ ભરતપુર રાજસ્થાનનો વતની છે તથા જોતકાદર પહાડી વિસ્તારમાં રહેતો હતો અને લાંબા સમયથી પોતાની ધરપકડ ટાળવા ૧૦ વર્ષથી નાસતો ફરતો હતો. ત્યારે મોરબી જીલ્લા પોલીસ અધિક્ષકના માર્ગદર્શન હેઠળ એલસીબી અને પેરોલ-ફર્લો સ્કવોડે નાશતા ફરતા આરોપીઓને પકડી પાડવા માટે અલગ અલગ ટીમો બનાવી કામગીરી હાથ ધરી હતી. તે દરમિયાન હ્યુમન સોર્સીસ, ટેકનિકલ સર્વેલન્સ અને ખાનગી રાહે મળેલી માહિતીના આધારે આરોપી મધ્યપ્રદેશના સિહોર જીલ્લાનાં શાહગંજ પોલીસ સ્ટેશન વિસ્તારના ઈશારપુર ખાતે હોવાની વિગતો મળતા મોરબી પોલીસ અધિક્ષકની મંજૂરી મેળવી એલસીબીની ટીમ તાત્કાલિક સ્થળ ઉપર પહોંચી અને ત્યાં ઈશારપુર ખાતે રાજેશ ચૌહાણની વાડીએથી આરોપી જફરૂદીન મળી આવતા તુરંત તેને હસ્તગત કરી ઘરફોડ ચોરીના ગુનાઓમાં મોરબી તાલુકા પોલીસ સ્ટેશનમાં સોંપી આપેલ છે.

# મોરબીના વીસીપરામાં પતિ દ્વારા ઘરકામ બાબતે બોલાચાલી થતા પત્નીએ ગળેફાંસો ખાઈ જીવન ટૂંકાવ્યું

મોરબીના વીસીપરા મદીના સોસાયટી વિસ્તારમાં ૫૫ વર્ષીય પ્રૌઢ મહિલાને પતિએ ઘરકામ બાબતે બોલતા, જેનું મનમાં લાગી આવતા મહિલાએ ગળેફાંસો ખાઈ આપઘાત કર્યો હતો. મોરબી સીટી બી ડીવીઝન પોલીસ સ્ટેશનમાં નોંધાયેલા અ.મોત મુજબ, રહેમતબેન ઓસમાણભાઈ સુમરા ઉવ.૫૫ રહે. મદીના સોસાયટી વીસીપરા વાળાએ ગઈકાલ તા.૧૧/૧૨ ના રોજ ગળેફાંસો ખાઈ આપઘાત કર્યો હતો. પ્રાથમિક વિગતો મુજબ તેમના પતિએ ઘરકામ અંગે બોલ્યાને કારણે મનમાં લાગી આવતા આ પગલું ભર્યું હોવાનું સામે આવ્યું છે. બનાવ બાદ તુરંત પરિવારજનો તેમને મોરબી સરકારી હોસ્પિટલ લઈ ગયા હતા, જ્યાં હાજર ડોક્ટરે જોઈ તપાસી રહેમતબેનને મૃત જાહેર કર્યા હતા.

# ૧૯ થી ૨૧ ડીસેમ્બર દરમિયાન યોજનારા સશક્ત નારી મેળાના આયોજન અંગે કલેકટરની અધ્યક્ષતામાં યોજાયેલી બેઠક

## મેળાના આકર્ષણોઃ મહિલાઓ સંચાલિત ફુડ કોર્ટઃ વિવિધ વિભાગોના ૧૦૦ થી વધુ સ્ટોલ્સ

**મુખ્ય સમાચાર, રાજકોટ**

મહિલા સશક્તિકરણ તથા સ્વદેશીને પ્રોત્સાહન આપવાના આશયથી રાજકોટ ખાતે ૧૯ થી ૨૧ ડિસેમ્બર દરમિયાન ''સશક્ત નારી મેળો'' યોજાશે.

અમીન માર્ગના છેડે ૧૫૦ ફૂટ રીંગ રોડ પર આવેલા મેદાનમાં યોજનારા આ મેળાના આયોજન અંગે જિલ્લા કલેકટર ઓમપ્રકાશની અધ્યક્ષતામાં કલેકટર કચેરી ખાતે બેઠક યોજાઇ હતી. સંભવતઃ જિલ્લા પ્રભારી મંત્રી જીતુભાઈ વાઘાણીની ઉપસ્થિતિમાં ૧૯ ડિસેમ્બરે સવારે ૧૦ વાગે મેળાનો પ્રારંભ થશે.

આ મેળામાં મહિલા આર્થિક વિકાસ નિગમ, આઈ.સી.ડી.એસ, મહિલા અને બાળ કલ્યાણ, કૃષિ, સ્વસહાય જુથો, કુટીર ઉદ્યોગ, જિલ્લા જેલ વગેરે વિભાગોના અંદાજે ૧૦૦ સ્ટોલ રાખવામાં આવશે, તથા મહિલાઓ સંચાલિત ફુડ કોર્ટનું પણ આયોજન કરવામાં આવશે.

વડાપ્રધાન નરેન્દ્ર મોદીના આત્મનિર્ભર ભારત, મહિલા નેતૃત્વનો વિકાસ અને સ્વદેશી સશક્તિકરણના વિઝન સાથે યોજાનારા આ મેળામાં ડ્રોન દીદી, લખપતિ દીદી, મહિલાઓ દ્વારા ચલાવતા સ્ટાર્ટ અપ્સ, ઉદ્યોગ સાહસિકો, પ્રગતિશીલ મહિલા ખેડૂતો વગેરેની સફળતા તથા સંઘર્ષ અંગે ઉપસ્થિતોને વાકેફ કરવામાં આવશે. સ્વદેશીને પ્લેટફોર્મ અને પ્રોત્સાહન પૂરું પાડવાના આશયથી યોજાનારા આ મેળામાં વિવિધ ક્ષેત્રની અગ્રણી મહિલાઓ તેમના અનુભવોનું આદાન-પ્રદાન કરશે. મહિલા કેન્દ્રિત આજીવિકાને ઉત્તેજન આપવાના વિશેષ પ્રયાસો આ મેળામાં હાથ ધરવામાં આવશે. મહિલા મંડળ- મહિલા રાજકારણીઓ- મહિલા અમલદારોને વગેરેની સાફલ્ય ગાથાઓની પણ આ મેળામાં ચર્ચા કરવામાં આવશે.

આ બેઠકમાં જિલ્લા ગ્રામ વિકાસ એજન્સીના નિયામક એ.કે.વસ્તાણી, નાયબ વન સંરક્ષક યોગરાજસિંહ ઝાલા, સહકારી મંડળીઓના જિલ્લા રજિસ્ટ્રાર ડો.બિમલ પટેલ, નાયબ નિયામક (આત્મા) ડો.એચ.ડી.વાદી, આઈ.સી.ડી.એસ.ના પ્રોગ્રામ ઓફિસર જનકસિંહ ગોહિલ, સી.ડી.એચ.ઓ. ડો.આર.આર. ફૂલમાલી, જિલ્લા લાઈવલીહૂડ મેનેજર વી.બી.બસીયા તથા સંબંધિત સરકારી વિભાગના અધિકારીઓ ઉપસ્થિત રહ્યા હતા.

# તુવેર પાક માટે ટેકાના ભાવથી વેચાણ કરવા ખેડૂતોએ તા.૧૫ ડિસે. થી ૧૪ જાન્યુ. સુધી ઓનલાઇન નોંધણી કરાવવા સૂચના

**મુખ્ય સમાચાર, રાજકોટ**

રાજ્ય સરકાર દ્વારા ગુજરાતના ખેડુતોને આર્થિક રક્ષણ મળી રહે અને તેમની ઉપજોના પોષણક્ષમ ભાવ મળી રહે તેવા હેતુથી વર્ષ૨૦૨૫-૨૬ ખરીફ સિઝનમાં તુવેર પાક માટે ટેકાના ભાવથી ખરીદવાનું આયોજન રાજ્ય સરકાર દ્વારા કરવામાં આવ્યું છે.

તુવેર પાક માટે ટેકાના ભાવથી વેચાણ કરવા ખેડૂતોએ ઓનલાઇન નોંધણી તા.૧૫/૧૨/૨૦૨૫ થી તા.૧૪/૦૧/૨૦૨૬ (દિન-૩૦) દરમિયાન ખેડૂતોની ગ્રામ્ય કક્ષાએ ઈ-ગ્રામ કેન્દ્રો ખાતે VCE મારફતે વિના મૂલ્યે ઓનલાઇન નોંધણી નાફેડના ઈ-સમૃધ્ધિ પોર્ટલ પર કરવાની રહેશે.

આ નોંધણી માટે જરૂરી ડોક્યુમેન્ટસ જેવા કે, ગામનો નમૂનો ૮-અ, તલાટીનો વાવેતર અંગેનો દાખલો અથવા ૭/૧૨, આધાર કાર્ડની નકલ, બેન્ક પાસબુકના પ્રથમ પાનાની નકલ (IFSC કોડ સાથે) સાથે ઓનલાઈન નોંધણી કરતી વખતે અપલોડ કરવાના રહેશે. વધુ માહિતી માટે ગ્રામ્ય કક્ષાએ સંબંધિત ગ્રામ પંચાયત કચેરીના વિલેજ કમ્પ્યુટર એન્ટરપ્રેન્યુર (VCE) અથવા ગ્રામ સેવકશ્રી તથા તાલુકા કક્ષાએ TLEનો સંપર્ક કરવો, તેમ જિલ્લા પંચાયત કચેરી, ખેતીવાડી શાખા, રાજકોટની યાદીમાં જણાવાયું છે.

# રાજકોટ જિલ્લાના ઉપલેટા ખાતે કારકિર્દી માર્ગદર્શન સેમિનાર યોજાયોઃ ૨૦૦ થી વધુ વિદ્યાર્થીઓને મળ્યો ભવિષ્યનો નવો માર્ગ



**મુખ્ય સમાચાર, રાજકોટ**

શિક્ષણ વિભાગ, મદદનીશ નિયામક-રોજગાર કચેરી અને રાજકોટ જિલ્લા મહિલા અને બાળ અધિકારી વિભાગના સંયુક્ત ઉપક્રમે ''બેટી બચાઓ બેટી પઢાઓ'' યોજના અન્વયે ઉપલેટા તાલુકામાં સ્થિત માતુ વી.બી. મણવર ઉત્તર બુનિયાદી શાળા - ડુમિયાણી ખાતે ''યોર કરિયર ઈસ યોર કેનવાસ- પેઈન્ટ આઇ.ટી. વિથ પર્પઝ''ની થીમ આધારિત કારકિર્દી માર્ગદર્શન સેમિનારનું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં ધોરણ ૧૦, ૧૧ અને ૧૨ ના કુલ ૨૪૨ વિદ્યાર્થીઓ ઉત્સાહપૂર્વક સહભાગી થયા હતા.

આ પ્રસંગે જિલ્લા મહિલા અને બાળ અધિકારી ડૉ. જનકસિંહ ગોહિલે વિદ્યાર્થીઓને પોતાની પસંદગીના ક્ષેત્રમાં હિંમતથી આગળ વધવા અને સપનાઓને સાકાર કરવા પ્રેરિત કર્યા હતા.

બાળ વિકાસ યોજના અધિકારી- ICDS-, ઉપલેટા ઉર્વશીબા જાડેજાએ જે કામ કરવાથી સંતોષ મળે તેવું ક્ષેત્ર કારકિર્દી માટે પસંદ કરવાની માહિતી આપી હતી.

મદદનીશ નિયામક-રોજગાર કચેરીના કરિયર કાઉન્સેલર રાજેશભાઈ ચૌહાણે PPT દ્વારા ધોરણ ૧૦ અને ૧૨ પછી ઉપલબ્ધ વિવિધ કારકિર્દી વિકલ્પોની વિસ્તૃત માહિતી આપી હતી.

આ પ્રસંગે વિદ્યાર્થીઓને કારકિર્દી માટે ઉપયોગી બુકલેટ, પેમ્ફલેટ, નોટપેડ,પેન કીટનું વિતરણ કરવામાં આવ્યું હતું.

આ પ્રસંગે જિલ્લા શિક્ષણ અધિકારી કચેરી, રાજકોટના શાળા સલાહકાર ભાવનાબેન ભોજાણી, માતૃ વી.બી. મણવર-ડુમિયાણીના ટ્રસ્ટી સવિતાબેન મણવર, કેમ્પસ ડાયરેક્ટર ઘનશ્યામસિંહ ગોહિલ, શિક્ષક હરિભાઈ વાળા સંકલ્પ District Hub for Empowerment of Women (DHEW)'' ના ડીસ્ટ્રીકટ મિશન કો-ઓર્ડીનેટર જેવીના માણાવદરીયા, જેન્ડર સ્પેશિયાલિસ્ટ તપન નથવાણી સહિતના વિદ્યાર્થીઓ ઉપસ્થિત રહ્યા હતા.

# મોરબી મનપા દ્વારા ઇ-નગર પ્લેટફોર્મ પર જ વિકાસ પરવાનગી સંબધિત અરજીઓ સ્વીકારવામાં આવશે

**મુખ્ય સમાચાર, મોરબી**

મોરબી તા.૧/૧/૨૦૨૫ના રોજમોરબી મહાનગરપાલિકા અસ્તિત્વમાં આવ્યા બાદ સરકારની સુચના મુજબ ટાઉન પ્લાનિંગ શાખા દ્વારા ઓફલાઇન પરવાનગી આપવાની પ્રક્રિયા અમલમાં હતી. જે હવે પોર્ટલ સંપુર્ણપણે કાર્યરત થયેલ હોવાથી નાગરિકોને ઝડપી, પારદર્શક અને સરળતાથી સેવાઓ પૂરી પાડવાના ઉદ્દેશ્ય અન્વયે રાજ્ય સરકારના eNagar ઓનલાઈન પ્લેટફોર્મ ઉપર જ વિકાસ પરવાનગી સંબધિત અન્ય પરવાનગીઓ જેવી કે, બિલ્ડીંગ યુઝ પરમિશન (BU), ઝોનિંગ સર્ટિફિકેટ, પાર્ટ પ્લાન, POR (પર્શન ઓન રેકર્ડ) રજીસ્ટ્રેશન જેવી બાબતોની અરજી ફક્ત ઓનલાઇન જ કરવાની રહેશે.

મહાનગરપાલિકા દ્વારા ઉક્ત કાર્યવાહી હાથ ધરવામાં આવેલ હોય સમયની બચત થશે તથા ઉક્ત સંબધિત બાબતોએ અરજદારોને કચેરીની મુલાકાત લેવાની જરૂરિયાત રહેશે નહીં અને ઉક્ત બાબતોની અરજી પરની કાર્યવાહી ત્વરિત થશે. વધુમાં ઉપરોક્ત બાબતોની અરજીઓ ઓફલાઇન સ્વીકારવાની સંપુર્ણપણે બંધ કરવામાં આવેલ છે જેથી સંબધિત પર્શન ઓન રેકર્ડ (POR)એ નોંધ લેવી, જેથી મહાનગરપાલિકા દ્વારા ઉપરોક્ત તમામ વિકાસ સંબંધિત પરવાનગી બાબતોએ ઝડપથી કાર્યવાહી હાથ ધરી શકાય તેમ યાદીમાં જણાવ્યું છે.

# જામનગરમાં ઇન્દ્રપ્રસ્થ કોમ્પ્લેક્ષમાં લિફ્ટ રીપેરીંગની કામગીરી દરમ્યાન દુર્ઘટના સર્જાતા યુવાનનું મોત



**મુખ્ય સમાચાર, જામનગર**

જામનગરમાં ઇન્દ્રપ્રસ્થ કોમ્પ્લેક્સમાં લિફ્ટના રિપેરિંગ કામ વેળાએ સર્જાયેલી દુર્ઘટનામાં રીપેરીંગનું કામ કરનાર યુવાનનો ભોગ લેવાયો.જામનગર શહેરના પંચેશ્વર વિસ્તારમાં આવેલા ઇન્દ્રપ્રસ્થ કોમ્પ્લેક્સમાં ગઈકાલે રાત્રે લિફ્ટનું રીપેરીંગ કામ ચાલી રહ્યું હતું, જે દરમિયાન દુર્ઘટના સર્જાઇ હતી, અને લિફ્ટ તૂટી પડતાં તેમાં કામ કરી રહેલા એક આશાસ્પદ યુવાનનો ભોગ લેવાયો છે. જેનું કરુણ મૃત્યુ નિપજતાં ભારે અરેરાટી પ્રસરી છે.જામનગરમાં પંચેશ્વર ટાવર રોડ પર આવેલા ઇન્દ્રપ્રસ્થ કોમ્પ્લેક્ષમાં લિફ્ટ બંધ પડી ગઈ હોવાથી ગઈકાલે રાત્રે તેમાં રીપેરીંગ કામ ચાલી રહ્યું હતું. જ્યાં ૨૧ વર્ષીય નવાઝ હનીફભાઇ સોરઠીયા નામનો યુવાન લિફ્ટ રિપેર કરી રહ્યો હતો.

જે દરમિયાન અચાનક લિફ્ટનો બોલ્ટ ખૂલી જતાં લિફ્ટ નીચે પડવાથી દુર્ઘટના સર્જાઇ હતી.જે દરમિયાન લિફ્ટનું સમારકામ કરી રહેલા નવાઝ સોરઠીયાને ગંભીર ઇજા થઇ હતી. ત્યારબાદ, ઇજાગસ્ત નવાઝને તાત્કાલિક સારવાર અર્થે ૧૦૮ નંબરની એમ્બ્યુલન્સ મારફતે સરકારી જી.જી.હોસ્પિટલ ખાતે ખસેડવામાં આવ્યો હતો. જયાં ફરજ પર હાજર રહેલાં તબીબોએ ઇજાગ્રસ્ત નવાઝને મુત્યુ પામેલો જાહેર કર્યો હતો.આ બનાવની જાણ થતા સિટી-એ ડિવિઝનની પોલીસ ટુકડી જી.જી. હોસ્પિટલ ખાતે દોડી ગઇ હતી, અને મૃતદેહનો કબ્જે કરી લઇ પી.એમ માટે મોકલી આપ્યો છે, અને વધુ તપાસ હાથ ધરાઇ છે. આ કરૂણ બનાવથી સોરઠીયા પરિવારમાં શોકનો માહોલ છવાયો છે.

# ઉનામા અપમાનજનક વીડિયો વાયરલ કરતા ઇસમ સામે અનુસૂચિત જાતિ સમાજ દ્વારા કાર્યવાહી કરવા માંગ

## ઉમેજ ગામના સલીમ ઉન્નડજામનો એક વિવાદીત વિડિયો વાયરલ થતા મામલો ગરમાયો બાદમાં એક વીડિયો જારી કરી માફી પણ માંગી



**મુખ્ય સમાચાર, ઉના**
**અહેવાલ - અબ્દુલ પઠાણ**

ઉનામા સોશિયલ મીડિયાના માધ્યમથી અનુસૂચિત જાતિ સમુદાય વિરુદ્ધ અપમાનજનક અને અસંવૈધાનિક શબ્દોનો ઉપયોગ કરીને વિડિયો વાયરલ કરવાના મામલે ઉના અને ગીરગઢડ આજે અનુસૂચિત જાતિ સમુદાયના લોકોના લોકોએ કાર્યવાહીની માંગ સાથે પ્રાંત અધિકારીને આવેદનપત્ર પાઠવ્યુ પ્રાત માહિતી અનુસાર ઉનાના તાલુકાના ઉમેજ ગામે રહેતા સલીમ ઉન્નડજામનો એક વિવાદીથ વિડિયો વાયરલ થયો હતો ઉના તાલુકાના ઉમેજ ગામના વતની સલીમ ઓસ્માણ ઉન્નડજામ (ઉર્ફે મુન્નો) નામના વ્યક્તિએ સોશિયલ મીડિયા પર એક વિડિયો બનાવીને વાયરલ કર્યો હતો. આ વિડિયોમાં તેણે અનુસૂચિત જાતિ સમુદાયને અપમાનિત કરનારા અસંવૈધાનિક શબ્દો દ્વારા સંબોધિત કર્યા હતા આ અપમાનજનક શબ્દો વાયરલ થતાં જ સમગ્ર અનુસૂચિત જાતિ સમાજમાં રોષની લાગણી ફેલાઈ હતી. ઉના અને ગીરગઢડા તાલુકાના અનુસૂચિત જાતિ સમુદાયના ભાઈઓ તથા બહેનોએ આક્રોશ સાથે ઉના પ્રાંત અધિકારી તેમજ ઉના પોલીસ સ્ટેશનને આવેદનપત્ર પાઠવી રજૂઆત કરી હતી.

# ગંજીપાનાથી જુગાર રમતા ત્રણ પકડાયા

**મુખ્ય સમાચાર, જામનગર**

જામનગરના શંકરટેકરી વિસ્તારમાં નવા લંઘાવાડના ઢાળીયા પાસે પોલીસે પાડેલા દરોડામાં ત્રણ શખ્સ ગંજીપાનાથી જુગાર રમતા ઝડપાઈ ગયા છે.

જામનગરના શંકરટેકરી વિસ્તારમાં પાણીના ટાંકા પાછળ નવા લંઘાવાડના ઢાળીયા પાસે જુગાર રમાતો હોવાની બાતમી પરથી સિટી સી ડિવિઝન પોલીસ સ્ટેશનના સ્ટાફે દરોડો પાડ્યો હતો.આ વેળાએ ત્યાં ગંજીપાના વડે જુગાર રમતા હુસેન ઈબ્રાહીમ લંઘા, અકબર મામદભાઈ ખુંભીયા, યાસીન અકબરભાઈ ખુંભીયા નામના ત્રણ શખ્સ મળી આવ્યા હતા. પોલીસે પટમાંથી રૂ.૧૨,૩૭૦ રોકડા કબજે કરી જુગારધારાની કલમ ૧૨ હેઠળ ગુન્હો નોંધ્યો છે.

# ઈવનિંગ પોસ્ટના સીનીયર સીટીઝન માટે સંગીત સંધ્યાનો કાર્યક્રમ

**મુખ્ય સમાચાર, રાજકોટ**

સરગમ ક્લબ સંચાલિત સીનીયર સીટીઝન પાર્ક ઈવનિંગ પોસ્ટ માં તા. ૧૫/૧૨/૨૫ ને સોમવાર નાં રોજ ૫:૩૦ કલાકે ''સૂર સંગીત કી સરગમ'' દ્રારા એક સંગીત સંધ્યાનું આયોજન કરવામાં આવેલ છે તથા તા. ૧૬/૧૨/૨૫ ને મંગળવાર નાં રોજ ૫:૩૦ કલાકે ''એ. રફી મ્યુઝીકલ ગ્રુપ'' દ્રારા એક સંગીત સંધ્યાનું આયોજન કરવામાં આવેલ છે તથા તા. ૧૭/૧૨/૨૫ ને બુધવાર નાં રોજ ૫:૩૦ કલાકે ''મુકેશ ફેન ક્લબ'' દ્રારા એક સંગીત સંધ્યાનું આયોજન કરવામાં આવેલ છે તથા તા. ૧૮/૧૨/૨૫ ને ગુરુવાર નાં રોજ ૫:૩૦ કલાકે ''સૂર મંદિર ગ્રુપ'' દ્રારા એક સંગીત સંધ્યાનું આયોજન કરવામાં આવેલ છે તથા તા. ૧૯/૧૨/૨૫ ને શુક્રવાર નાં રોજ ૫:૩૦ કલાકે ''સૂર સંસુર મ્યૂઝિકલ ગ્રુપ'' દ્રારા એક સંગીત સંધ્યાનું આયોજન કરવામાં આવેલ છે તથા તા. ૨૦/૧૨/૨૫ ને શનિવાર નાં રોજ ૫:૩૦ કલાકે ''બ્રાહિમ મ્યૂઝિકલ ગ્રુપ'' દ્રારા એક સંગીત સંધ્યાનું આયોજન કરવામાં આવેલ છે તથા તા. ૨૧/૧૨/૨૫ ને રવિવાર નાં રોજ ૫:૩૦ કલાકે ''સ્વર સાધના'' દ્રારા એક સંગીત સંધ્યાનું આયોજન કરવામાં આવેલ છે તો તમામ સરગમ કલબના ઈવનિંગ પોસ્ટના સભ્યોએ આઈકાર્ડ ઉપર પ્રવેશ મળશે. આઈકાર્ડ સાથે લઈને આવવું ફરજીયાત છે. તેના વગર પ્રવેશ નહિ મળે. તમામ મેમ્બરે સમયસર હાજરી આપવી. કાર્યક્રમ ને સફળ બનાવવા માટે સરગમ કલબના પ્રમુખ ગુણવંતભાઈ ડેલાવાળા તેમજ ઈવનિંગ પોસ્ટનાં ઇન્ચાર્જ મનસુખભાઈ મકવાણા, સહ ઇન્ચાર્જ જયપાલસિંહ ઝાલા, હરનેશભાઈ સોંલકી, સલીમ જંડા, અફઝલ રફીભાઈ, મનસુખભાઈ વાવેચા, ઘનશ્યામભાઈ રાવલ, સુમનબેન બારિયા, હિતેશભાઇ પંડ્યા અને એચ. પી. પટેલ વગેરે જહેમત ઉઠાવી રહ્યા છે.

# ભાયાવદરના રાજપરા ગામમાં વિમો પકાવવા પિતરાઈ સાથે મળી પુત્રએ પિતાની હત્યા કરી

## ફોરેન્સિક પોસ્ટ મોટર્મ થતાં રિપોર્ટમાં સામે આવેલું કૌભાંડઃ હત્યા બાદ બનાવ અકસ્માતમાં ખપાવી દીધો હતોઃ બન્નેની ધરપકડ



**મુખ્ય સમાચાર, લીંબડી**

ભાયાવદરનાં રાજપરા ગામે રહેતા કાનાભાઈ મેરુભાઈ જોગની તેનાજ ભત્રીજા વિરમ ભુપત જોગ એ બોથડ પદાર્થનાં ઘા ઝીકી હત્યા કર્યા બાદ હત્યાનાં બનાવને અકસ્માતમા ખપાવી દેવાનો પ્રયાસ કર્યો હતો. જો કે પોલીસને બનાવ શંકાસ્પદ લાગતા ફોરેન્સીક પોસ્ટમોર્ટમમા હત્યા થયાનુ ખુલ્યુ હતુ અને પોલીસે વિરમને શકંજામા લઇ પુછપરછ કરતા તેણે કબુલાત આપી હતી કે મૃતક કાનાભાઈનો દીકરો રામદેને ઈઝરાયલ જવુ હોય વીમો પકવવા માટે પિતાની હત્યાનું કાવતરું ઘડ્યુ હોવાનું બહાર આવતા બન્નેની ધરપકડ કરી હતી. ફરીયાદ મુજબ ભાયાવદરના રાજપરા ગામે રામ મંદિર પાસે રહેતા દેવીબેન કાનાભાઈ જોગ(મેર)(ઉ.૨૨) એ પોતાની ફરિયાદમાં તેમના પિતરાઈ ભાઈ વિરમ ભુપતભાઈ જોગ સામે ફરિયાદ નોંધાવી છે. આ ઘટનામાં દેવીબેન એ ફરિયાદમાં જણાવ્યું હતું કે, તેમના પિતા કાનાભાઈ અને માતા રુપીબેન ચારોલીયા ગામે આવેલી આઠ વીઘા જમીનમાં ખેતી કામ કરી પરિવારને ચલાવે છે. કાકા ભુપતભાઈનો દીકરો વિરમ જેના પાંચેક વર્ષ પહેલા તેમની પત્ની વનિતા બહેન સાથે છૂટાછેડા થઈ ગયા હોય જેથી વિરમભાઈ પહેલા કેશુભાઈના ઘરે જમતા હતા અને છેલ્લા ત્રણ ચાર અઠવાડિયાથી દેવીબેનના ઘરે જમે છે. આ ઘટના બાદ તા.૯/૧૨ના રોજ દેવીબેન અને તેમના પરિવારજનો ઘરે હતા ત્યારે તેમને વિરમે ફોન કરી જણાવ્યું કે કાકા કાનાભાઈ સ્કૂટર ઉપરથી પડી ગયા છે અને તેમને ઇજા થઈ છે અને તેઓને વાડીએ આવવાનું કહેતા તમામ પરિવારજનો વાડીએ પહોંચ્યા હતા ત્યારે ત્યાં જઈને વાડીની રૂડીમાં જોયું તો કાનાભાઈ મેરૂભાઈ જોગ કે જેઓ મૃત હાલતમાં પડ્યા હતા. તેમને કપાળ અને નેણ તેમજ મોઢે ઇજા થઈ હતી અને તેમને લોહી નીકળતું હતું આ સમયે જણાવ્યું કે,કાકા બાઈક લઈને ઢાક તરફ જતા હતા ત્યારે તેમનું બાઈક સ્લીપ થયું હતું અને હું તેમને અહીં લાવ્યો છું. આ ઘટના બાદ ભાયાવદર પોલીસને જાણ કરતા પોલીસ ત્યાં આવી પહોંચી હતી અને તેમને બનાવ શંકા સ્પદ લાગતા મૃતદેહનું ફોરેન્સીક પોસ્ટમોર્ટમ કરાવ્યું હતું. આ ઘટનામા રાજકોટ જીલ્લા એસ. પી. વિજયસિંહ ગુર્જરનાં અને ધોરાજી ડીવીઝનનાં ડીવાયએસપી સીમરન ભારદ્વાજનાં માર્ગદર્શન હેઠળ ભાયાવદર પીઆઈ વી. સી. પરમાર અને સ્ટાફનાં પીએસઆઈ રાખોલીયા, રોહીતભાઈ, દીનેશભાઈ અને ભાવેશભાઈ સહીતનાં સ્ટાફે વિરમને ઉઠાવી લઇ તેની પુછપરછ કરતા તે ભાંગી પડયો હતો અને તેમણે કબુલાત આપી હતી કે કાકા કાનાભાઈની હત્યા પાછળ તેમનો પુત્ર રામદે પણ સામેલ છે અને રામદેને ઈઝરાયલ દેશમા નોકરી કરવા માટે જવુ હોય જેનાં માટે અંદાજે ૧૬ લાખ રૂપીયા જેટલો ખર્ચ થતો હોય એકાદ વર્ષ પહેલા તેમણે પિતાનાં નામનો એચડીએફસીમા વીમો ઉતરાવ્યો હતો અને તેનાં પિતાનુ મૃત્યુ થાય તો તેને ૬૦ થી ૭૦ લાખ મળે તેમ હતા. વીમાનુ બીજુ પ્રીમયમ ભરવાનો સમય પણ થઇ ગયો હતો જેથી રામદેએ તેનાં મોટાબાપુના દીકરા વીરમને હત્યા કર્યા બાદ એક લાખ રૂપીયા આપવાનુ વચન આપ્યુ હતુ અને જીવે ત્યા સુધી ભોજન આપવાનુ જણાવ્યુ હતુ. હાલ પોલીસે મૃતકનાં પુત્ર રામદે કાના જોગ અને ભત્રીજા વીરમ ભુપત જોગની ધરપકડ કરી છે.

# કાલાવડની સરકારી હોસ્પિટલમાં હંગામોઃ તબીબ સહિતના સ્ટાફ સાથે ફરજમાં રૂકાવટની ચાર શખ્સો સામે ફરિયાદ

**મુખ્ય સમાચાર, જામનગર**

કાલાવડ ના પ્રાથમિક આરોગ્ય કેન્દ્રમાં ફરજ બજાવતા મેડીકલ ઓફિસર ડો. રોહિત પોપટલાલ નકુમ દ્વારા કાલાવડ ટાઉન પોલીસ મથકમાં પોતાની સાથે તેમજ અન્ય હોસ્પિટલના કર્મચારીઓ સાથે જીભાજોડી અને ગાળાગાળી કરી ફરજમાં રૂકાવટ કરવા અંગે કાલાવડના જ રહેવાસી નવઘણભાઈ સોલંકી, મોહમ્મદ હુસૈન ઉર્ફે ભોલો અમજદખાન પઠાણ અને વાલસી ગઢવી સામે ફરિયાદ નોંધાવી છે.

પોલીસ ફરિયાદમાં જાહેર કરાયા અનુસાર આરોપી નવઘણભાઈ સોલંકી ની પત્ની પાયલબેન ને પ્રસુતિ ની પીડા ઉપડી હોવાથી તેઓએ ૧૦૮ નંબરની એમ્બ્યુલન્સ માટે ફોન કર્યો હતો, પરંતુ સમયસર એમ્બ્યુલન્સ આવી નહીં હોવાના કારણે તેઓ પ્રાઈવેટ વાહનમાં હોસ્પિટલે આવ્યા હતા, અને પાયલબેન ની પ્રસુતિ કરાવવા માટે કાર્યવાહી હાથ ધરતા હતા.

પરંતુ ચારેય શખ્સોએ હંગામો મચાવી ૧૦૮ ની એમ્બ્યુલન્સ કેમ ટાઈમ પર આવતી નથી, તે બાબતે તકરાર કરી હતી, અને હંગામો મચાવ્યો હતો.

જે દરમિયાન એક શખ્સ દ્વારા તમામ સ્ટાફનો વિડીયો પણ પોતાના મોબાઈલ ફોનમાં બનાવ્યો હતો. તબીબ દ્વારા જણાવ્યું હતું કે ૧૦૮ ની ટીમ એ અલગ વિભાગ છે, અને આ હોસ્પિટલ છે તે અલગ વિભાગ છે. તમારે અહીં કમ્પ્લેન ૧૦૮ ની કરી નહીં શકાય, પરંતુ ચારેય શખ્સો માન્ય ન હતા, અને હંગામા મચાવ્યો હોવાથી આખરે મામલો કાલાવડ ટાઉન પોલીસ મથકમાં લઈ જવાયો હતો. કાલાવડ પોલીસે ચારેય શખ્સો સામે ફરજમાં રૂકાવટ સહિત ની કલમો હેઠળ ગુનો નોંધ્યો છે, અને તપાસ હાથ ધરી છે.

# રૂ.૧૫થી વધુ કરોડના આંતરરાજ્ય સાયબર ફ્રોડના ગુનામાં રાજકોટના ૧૩ શખ્સો પકડાયા

## સાયબર ક્રાઈમ પોલીસ દ્વારા પાંચ અલગ-અલગ ગુના નોંધાયાઃ તેલગણા,તામીલનાડુ,મહારાષ્ટ્ર સહીતના રાજ્યના લોકો સાથે ઠગાઈ

**મુખ્ય સમાચાર, રાજકોટ**

દેશભરમાં સાયબર માફીયા દ્વારા રૂ.૧૫થી વધુ કરોડના આંતરરાજ્ય સાયબર ફોડના ગુનામાં રાજકોટના ૧૪ શખસોને સાયબર ક્રાઈમ પોલીસે પાંચ અલગ અલગ ગુના નોંધી રાજકોટના ૧૪ શખસોને પકડી લીધા હતા જયારે બે શખસને પકડી લેવા કાર્યવાહી કરી છે. સાઈબર માફીયાઓ દ્વારા તેલગ ણા,તામીલનાડુ, મહાર-ાષ્ટ્ર સહીતના અલગ અલગ રાજયના લોકો સાથે ફોડ કર્યાનુ અને તેને રાજકોટના ખાતેદારોને કમીશન મારફતે નાણા ટ્રાન્સફર કરાવ્યા હોવાનુ બહાર આવ્યુ છે.




પોલીસ સુત્રોના જણાવ્યા મુજબ સાયબર માફીયા દ્વારા તામીલનાડુમાં રૂ.૬૧.૩૦ લાખ અને મહારાષ્ટ્રમાંથી રૂ.૧૧.૧૬ કરોડના સાયબર ફ્રોડ કરવામાં આવ્યુ હતુ અને જે નાણા ગુજરાતના રાજકોટની બેંકમાં ટ્રાન્સફર થયા હતા. જે અંગે સીઆઈડી દ્વારા જાણ કરતા રાજકોટ સાયબર ક્રાઈમ પોલીસ મથકના પીઆઈ કૈલા સહિતની ટીમે તપાસ કરતા જામનગર રોડ પર સ્લમ કવાર્ટરમાં રહેતા માનવ વિજયભાઈ પરમાર,રોહન વિનોદભાઈ વાઘેલા,લાઈટ હાઉસ પાસે રહેતા હાર્દીક રાજેશભાઈ પરમાર અને વાલ્મીકી વાડીમાં રહેતો સુમીત દિપકભાઈ બારૈયાના ખાતામાં ૮.૫૮ લાખ જમા થયા હતા જે હાર્દીક પરમારે લઈને સાયબર માફીયાને ટ્રાન્સફર કર્યા હોવાનુ જણાવતા પોલીસે માનવ,વિનોદ સુમીતને ઝડપી લઈ હાર્દીકને પકડી લેવા કાર્યવાહી કરી હતી. તેમજ સ્પીડવેલ પાર્ટી પ્લોટ પાસે રહેતા ઉમંગ જયંતિલાલ પીત્રોડા, રોહન વિનોદભાઈ વાઘેલા,સુમીત દિપકભાઈ બારૈયા સહીતના ખાતામાં રૂ.૪.૨૦ ઓનલાઈન ટ્રાન્સફર થયા હતા જેમા તેને ધ્રુવરાજસિંહ જાડેજાએ નાણા બેંકમાંથી ઉઠાવી લીધા હતા.જેમા ધ્રુવરાજસિંહની શોધખોળ કરી હતી.

રહીમભાઈ જયારે દૂધસાગર રોડ પર રહેતા એજાજ અનવરભાઈ શેખ, નાવેદ માણેકીયા,જુના હુડકો કવાર્ટરમાં રહેતા આયુશ સંજયભાઈ બગથરીયા,યુવરાજસિંહ લાલુભા જાડેજા, મહેશ્વરી સોસાયટીમાં રહેતો નદીમ વલીમહમદભાઈ મોઢીયા, પાર્થ બારોટ ઉર્ફે પપ્પુ અને ગન્ની અબુભાઈ ડાંગરીયા સહીતે સાત અને ૧૦ ટકા કમીશનથી બેંક ખાતા આપ્યા હોવાનુ બહાર આવતા પોલીસે વધુ કાર્યવાહી કરી છે.

# દ્વારકામાં રૂા.૧.૧૫ કરોડની વ્હેલ માછલીની ઉલ્ટી સાથે બેલડી ઝડપાઈ



**મુખ્ય સમાચાર, ખંભાળિયા**

ખૂબ જ કિંમતી અને પ્રતિબંધિત એવી વ્હેલ માછલી ઉલ્ટી (એમ્બરગ્રીસ) સાથે દ્વારકામાં ભાવનગરના બે શખ્સો ઝડપાઈ ગયા છે. એલસીબી પોલીસની કાર્યવાહીમાં ૧.૧૫ કિલો વજનની વ્હેલ માછ્લીની ઉલટી પોલીસે કબજે લઈ, જરૂરી કાર્યવાહી કરી હતી.

આ સમગ્ર પ્રકરણની પોલીસ સૂત્રો દ્વારા જાહેર કરવામાં આવેલી વિગત મુજબ જિલ્લા પોલીસ વડા જયરાજસિંહ વાળાની સૂચના મુજબ સંવેદનશીલ લેવા દ્વારકાના દરિયા કાંઠા વિસ્તારમાં એલસીબી પોલીસ પી.આઈ. બી.જે. સરવૈયાના વડપણ હેઠળ સ્ટાફ દ્વારા હાથ ધરવામાં આવેલા પેટ્રોલિંગ દરમિયાન પી.એસ.આઈ. બી.એમ. દેવમુરારી તેમજ તેમની ટીમ દ્વારા બે શખ્સોને ઝડપી લેવામાં આવ્યા હતા. એલસીબીના એ.એસ.આઈ. બલભદ્રસિંહ ગોહિલ, જગદીશભાઈ કરમુર, પ્રદિપસિંહ જાડેજા અને પીઠાભાઈ ગોજીયાને મળેલી ચોક્કસ બાતમીના આધારે દ્વારકા વિસ્તારના રેલવે સ્ટેશન રોડ નજીક સયાજી સર્કલ પાસે રહેલા નીરવ બાલાભાઈ ભટ્ટ (ઉ.વ. ૩૫, રહે. નિર્મલનગર, ભાવનગર) અને સુનિલ ચંદ્રકાંતભાઈ સંભવાણી (ઉ.વ. ૪૭, રહે. શાસ્ત્રીનગર, ભાવનગર) નામના બે શંકાસ્પદ શખ્સોને ઝડપી લેવામાં આવ્યા હતા.

જેમાં પૂછપરછ દરમિયાન ઉપરોક્ત બંને શખ્સો દ્વારા ભાવનગર ખાતેથી અત્રે વેચાણ અર્થે લાવવામાં આવેલી ૧.૧૫ કિલોગ્રામ વજનની વ્હેલ માછ્લીની ઉલટી (એમ્બર ગ્રીસ) કબજે કરવામાં આવી હતી. ખૂબ જ મૂલ્યવાન એવી એમ્બર ગ્રીસ નો કબજો લઈ અને દ્વારકા રેન્જ ફોરેસ્ટ કચેરીના અધિકારીઓની ઉપસ્થિતિમાં આ અંગે જરૂરી પરીક્ષણ તેમજ તપાસ કરવામાં આવી હતી. વ્હેલ માછ્લીની ઉલટીની ખૂબ જ કિંમત હોય છે અને તે સામાન્ય રીતે પ્રતિબંધિત હોય, બંને શખ્સો વિરુદ્ધ વન્યપ્રાણી સંરક્ષણ અધિનિયમ હેઠળ કાર્યવાહી કરી, તેનો કબજો ફોરેસ્ટ ડિપાર્ટમેન્ટ - દ્વારકાને સોંપવામાં આવ્યો હતો. આ સમગ્ર કાર્યવાહી એલ.સી.બી. પી.આઈ. બી.જે. સરવૈયાના માર્ગદર્શન હેઠળ પી.એસ.આઈ. ભાર્ગવ દેવમુરારી, વી.એન. સીંગરખીયા, એસ.એસ. ચૌહાણ, બલભદ્રસિંહ ગોહિલ, જગદીશભાઈ, દિનેશભાઈ, પ્રદીપસિંહ, પીઠાભાઈ, હસમુખભાઈ, વિશ્વદીપસિંહ તેમજ ફોરેસ્ટ કચેરીના સુનિલભાઈ કણજારીયા, વનપાલ (રાઉન્ડ ફોરેસ્ટર) દ્વારા કરવામાં આવી હતી.

MUKHYA SAMACHAR (DAILY EVENING) Publisher, Editor, Printer & Owner : RAJDEEPSINH MANOHARSINH ZALA, Place of Publication : 4/5 Corner Deepak Society, Near Kanaiya Chowk, Raiya, Road, Rajkot-360007 (Gujarat), Printed At :R P PUBLICATION, 31-A JAY JALARAM INDUSTRIAL ESTATE, NH 8B, B/H RUDA TRANSPORTNAGAR, POST-SOKHDA, RAJKOT-360003, GUJARAT

# પોલીસ કમિશનર કચેરીના ગેઇટ પાસે ફરજ પર રહેલા એસઆરપી મેનનો આપઘાત

## રાપરના એસઆરપીમેન ગજુભાએ રાયફલથી છાતીમાં ગોળી ધરબી દીધીઃ આ બનાવના કારણે સાથી કર્મચારીઓ, પવિરારજનોમાં ગમગીની



**મુખ્ય સમાચાર, રાજકોટ**

શહેરમાં જામનગર રોડ પર પુનિતનગરમાં રહેતાં પોલીસ કન્ટ્રોલ રૂમના નિવૃત આસી સબ ઈન્સ. નિરંજનભાઈ આર. જાનીએ પરમ દિવસે રાતે પોતાના ઘરે પરવાનાવાળી રિવોલ્વરથી લમણે ગોળી ધરબી આપઘાત કરી લીધાની ઘટના તાજી જ છે ત્યાં હવે પોલીસ કમિશનર કચેરીના ગેઇટ પર નાઇટ ડયુટીમાં ફરજ બજાવી રહેલા એસઆરપીમેને વહેલી પરોઢ સાડા ત્રણેક વાગ્યે ઓનડયુટી હતાં ત્યારે પોતાની સર્વિસ રાયફલથી છાતીમાં ગોળી ધરબી આપઘાત કરી લેતાં અરેરાટી વ્યાપી ગઇ છે. મુળ કચ્છના રાપર પંથકના વતની એસઆરપીમેન હાલ ધર્મપત્નિ સાથે જામનગર રોડ ઘંટેશ્વર એસઆરપી કેમ્પ ખાતે રહેતાં હતાં. તેમણે આ પગલુ શા માટે ભર્યુ? તેનાથી પરિવારજનો પણ અજાણ હોઇ પોલીસે તપાસ યથાવત રાખી છે.

જાણવા મળ્યા મુજબ ઘંટેશ્વર કેમ્પ ક્વાર્ટરમાં રહેતાં એસઆરપી ગ્રુપ-૧૩ સી કંપનીના કોન્સ્ટેબલ ગજુભા જીલુભા રાઠોડ (ઉ.વ.૫૦)ની નોકરી રાજકોટ શહેર પોલીસ કમિશનર કચેરી ખાતે હોઇ ગઇકાલે તેમની નાઇટ ડયુટી હોવાથી તે સમયસર નોકરી પર હાજર થઇ ગયા હતાં. આ પછી રાતે ૩૩૦ કલાકે પોલીસ કમિશનર કચેરીના મુખ્ય પ્રવેશદ્વાર કે જે ગેઇટ નં. ૩ તરીકે ઓળખાય છે ત્યાં ફાયરીંગનો અવાજ થયો હતો. આથી કર્મચારીઓ દોડી ગયા હતાં. તપાસ થતાં ફરજ પર રહેલા એસઆરપી જવાન ગજુભા રાઠોડે સર્વિસ રાયફલથી પોતાની છાતીમા ભડાકો કરી લીધાનું જણાતાં સૌ ચોંકી ગયા હતાં.

તુરત જ ગજુભાને લોહી નીતરતી હાલતમાં સિવિલ હોસ્પિટલમાં ખસેડાયા હતાં. પરંતુ અહિ વહેલી સવારે ૫:૫૦ કલાકે તબિબે તેમને નિષ્પ્રાણ જાહેર કરતાં અરેરાટી વ્યાપી ગઇ હતી. બનાવની જાણ થતાં મૃતકના પરિવારજનો રાજકોટ, કચ્છથી હોસ્પિટલે પહોંચ્યા હતાં. એસઆરપી ગ્રુપના કમાન્ડન્ટ ભરતસિંહ ઝાલા સહિતના પણ હોસ્પિટલે પહોંચી ગયા હતાં. હોસ્પિટલ ચોકીના અમૃતભાઇ મકવાણા, યુવરાજસિંહ પરમાર, રવિભાઇ, ધર્મેન્દ્રભાઇ, શક્તિસિંહે જાણ કરતાં પ્ર.નગર પીઆઇ વી. આર. વસાવાની રાહબરીમાં પીએસઆઇ રાણીંગા, જયંતિભાઇ સહિતે હોસ્પિટલે પહોંચી જરૂરી કાર્યવાહી કરી હતી.

આત્મહત્યા કરી લેનારા ગજુભા જીલુભા રાઠોડ મુળ કચ્છના રાપર તાબેના મોડા ગામના વતની હતાં. તે પોતાના પત્નિ સાથે ઘંટેશ્વર કેમ્પ ક્વાર્ટરમાં રહેતાં હતાં. સંતાનમાં બે દિકરી છે. તેમના ભાઇઓ સહિતના પરિવારજનો વતન કચ્છમાં રહે છે. જીલુભા જે કંપનીમાં ફરજ બજાવતાં હતાં તે સી-કંપની રાજકોટમાં છ મહિનાથી મુકાઇ છે. સગાના કહેવા મુજબ જીલુભાને આત્મહત્યા કરવી પડે તેવું કોઇ કારણ હાલ અમારી નજર સામે નથી. તેમણે આ પગલુ શા માટે ભર્યુ? તેની અમને પણ ખબર નથી. અંતિમવિધી બાદ પોલીસ પરિવારજનો, સાથી કર્મચારીઓ સહિતના નિવેદન નોંધી આપઘાતનું કારણ જાણવા તપાસ કરશે. આ ઘટનાથી એસઆરપી ગ્રુપમાં તથા પોલીસબેડામાં શોક છ્વાઇ ગયો છે.

# શહેરની ભાગોળે બાંધકામ સાઈટ પરથી પટકાયેલા યુવાનનું સારવારમાં મોત

## કડિયાકામ કરતી વખતે લિફ્ટના ગાળામાં પડી જતા ગંભીર ઈજા થઈ હતી



**મુખ્ય સમાચાર, રાજકોટ**

રાજકોટની ભાગોળે વાવડી વિસ્તારમાં બાંધકામ સાઈટ પરથી પટકાયેલા લક્ષ્મણ ગરાસીયાનું સારવારમાં મોત નીપજ્યું હતું. મૃતક કડિયાકામ કરતી વખતે લિફ્ટના ગાળામાં પડી જતા ગંભીર ઈજા થઈ હતી. આ અંગે મળતી માહિતી મુજબ, લક્ષ્મણ કાનજીભાઈ ગરાસીયા (ઉંમર વર્ષ ૩૩, રહે. હાલ વાવડી, ટાટા શોરૂમ પાછળ અમિતભાઈની બાંધકામ સાઈટ ઉપર, રાજકોટ) ગઈકાલે રાત્રે ૧૦ વાગ્યાં આસપાસ બાંધકામ સાઈટ પર હતો.

ત્યારે પહેલા માળ પર લિફ્ટના ગાળામાં પડી જતા માથે અને શરીરે ઈજા થતા રાજકોટ સિવિલ હોસ્પિટલમાં ખસેડવામાં આવેલ. અહીં ડોક્ટરે જોઈ તપાસી તેને મૃત જાહેર કર્યો હતો. લક્ષ્મણ મૂળ રાજસ્થાનનો વતની હતો, ૩ ભાઈ અને ૩ બહેનમાં મોટો હતો. તેને સંતાનમાં ૧ દીકરો અને ૧ દીકરી છે. પોતે પરિવાર સાથે ૧ મહિના પહેલા રાજસ્થાનથી કડિયા કામ કરવા રાજકોટ આવ્યો હતો. ગઈકાલે પરિવાર જમીને સૂતો, એ બાદ લક્ષ્મણ લઘુ શંકા કરવા તે ઉઠેલ અને સીડી ઉતરતી વખતે લિફ્ટના ગાળામાં પડી જતા ઈજા થઈ હતી.

# કાંગશીયાળી ગામે આસ્થા ગ્રીન સીટી સોસાયટીના પાર્કિંગમાં બે કારમાંથી લાખોનો દારૂ ઝડપાયો





## પોલીસે દારૂનો જથ્થો અને બન્ને કાર કબ્જે કરી નંબરના આધારે માલિકની શોધખોળ આદરી

**મુખ્ય સમાચાર, રાજકોટ**

કાંગશીયાળી ગામની સીમમાં આવેલ આસ્થા ગ્રીન સીટી સોસાયટીના પાર્કિંગમાં પાર્ક કરેલી બે કારમાંથી શાપર-વેરાવળ પોલીસે લાખોનો દારૂનો જથ્થો કબ્જે કરી કાર નંબરના આધારે બુટલેગરની શોધખોળ શરૂ કરી છે.

આ અંગેની માહિતી મુજબ શાપર-વેરાવળના પીઆઇ આર.બી.રાણાની સુચનાથી હેડ કોન્સ. દિનેશભાઇ, જગશીભાઇ, લખધીરસિંહ, રાજદિપસિંહ સહિતનો સ્ટાફ વિસ્તારમાં પેટ્રોલિંગમાં હતા ત્યારે સ્ટાફને મળેલી બાતમીના આધારે પોલીસે કાંગશીયાળી ગામની સીમમાં આવેલ આસ્થા ગ્રીન સીટી સોસાયટીના પાર્કિંગમાં પાર્ક કરેલી સ્કોરપીયો કાર નંબર જીજે૦૩એનકે૮૭૭૬ અને પોલો ડીટીઆઇ કાર નંબર જીજે૦૧આરડી૮૩૮૪માં તલાસી લેતા સ્કોરપીયોમાંથી ઓલ સીઝનના ચપલા નંગ ૯૧૨, રોયલ ચેલેન્જના ચપલા ૪૮૦ મળી રૂ.૨.૮૭ લાખનો દારૂનો જથ્થો મળી આવતા પોલીસે સ્કોરપીયો કાર સહિત રૂ.૧૨.૭૮ લાખનો મુદ્દામાલ કબ્જે કર્યો હતો.

જયારે પોલો કારમાંથી સીગ્રેચરના ચપલા ૩૯૨ કિંમત રૂ.૭૮૪૦૦નો જથ્થો મળી આવતા પોલીસે કાર સહિત રૂ.૧.૭૮ લાખનો મુદ્દામાલ કબ્જે કરી બન્ને કાર નંબરના બુટલેગરોની શોધખોળ શરૂ કરી છે.

# પંચાયત ચોકમાં ધમધમતું હતું કુટણખાનુંઃ રીયલ વેલનેસ સ્પામાં ચાલતો'તો દેહવ્યાપાર

## ગાંધીગ્રામ પોલીસે, યુવતી, સ્પા સંચાલક સહીત ૪ સામે ગુનો નોંધી ૩૯ હજારનો મુદ્દમાલ કર્યો કબજે




**મુખ્ય સમાચાર, રાજકોટ**

શહેરના પંચાયત ચોક વિસ્તારમાં આવેલા રીયલ વેલનેસ સ્પામા દરોડો પાડીને એન્ટી હ્યુમન ટ્રાફિકિંગ યુનિટની ટીમે કુટણખાનુ ઝડપી લઈને, એક યુવતી સહિત ચાર સામે ગુનો નોંધી તપાસ ધોરણસરની કાર્યવાહી હાથ ધરી છે.

મળતી વિગતો મુજબ શહેરમાં ગાંધીગ્રામ- ૨ યુનિવર્સિટી પોલીસ સ્ટેશનના વિસ્તારમાં, ઈનોવેટિવ સ્કૂલ રોડ, પંચાયત ચોકમાં આવેલા રીયલ વેલનેસ સ્પામા સંચાલકો દ્વારા છોકરીઓ રાખીને મસાજના નામે બહારથી ગ્રાહકો બોલાવી દેહ વ્યાપારનો ધંધો કરાવવામાં આવતો હોવાની બાતમી મળી હતી

બાતમી પરથી પોલીસે ડમી ગ્રાહક બોલાવીને પંચોની હાજરીમાં સ્પાની આડમાં ચાલતી દેહવ્યાપારની પ્રવૃત્તિનો પર્દાફાશ કરી એક યુવતી સહિત ચાર સામે ગુનો નોંધવામાં આવ્યો છે. જેઓની સામે ગુનો નોંધવામાં આવ્યો છે તે બાબતે પોલીસે માહિતી આપી હતી કે મારુતિ સોસાયટી, સ્ટેશન રોડ, ચલાલામાં રહેતા યોગેશ રમણીક જીકાદરા, જસદણ તાલુકાના ગઢાળા ગામે રહેતા પાડા ભરત હરસૂર, સાધુ વાસવાણી રોડ પર આરએમસી ક્વાર્ટર બ્લોક નંબર ૧૬૫ માં રહેતા ગોહિલ ભાવિન દિલીપ અને જુનાગઢના સુખપુર ગામે રહેલી કૃપાલી રમેશ ધાદુકનો સમાવેશ થાય છે.

દરોડા દરમિયાન પોલીસની એવી વિગતો મળી હતી કે આ સ્પામા ગ્રાહક પાસેથી એન્ટ્રી તરીકે રૂ.૧૦૦૦ લેવામાં આવતા હતા. તેમજ અહીં નોકરીએ રખાયેલી યુવતીઓ સાથે શરીર સંબંધ (એક્સક્સટ્રા સર્વિસ)ની ડીલ તરીકે ૩૦૦૦રૂપિયા લેવામાં આવતા હતા અને આટલા રૂપિયામાંથી સ્થા સંચાલક ભોગ બનનાર પાસેથી રૂ.૧૦૦૦ ગ્રાહક દીઠ લેતા હતા. પોતાના આર્થિક લાભ માટે અન્ય સ્ત્રી પાસે દેહ વ્યાપારનો ધંધો કરાવી, પોતાનું ગુજરાન ચલાવતા હોવાનું બહાર આવ્યું હતું. દરોડા સમય સમયે પોલીસે છ મોબાઈલ સહિત ૩૯, ૦૦૦નો મુદ્દામાલ કબજે કરી એક યુવતી સહિત ચાર આરોપી સામે ગાંધીગ્રામ-૨ યુનિવર્સિટી પોલીસ સ્ટેશનમાં ગુનો નોંધ્યો હતો.

રીયલ વેલનેસ સ્પામા બરોડાની કામગીરી માટે પી.આઈ ભાર્ગવ સિંહ એમ જાણકાર પીએસઆઈ એકે ગોસ્વામી ચુડાસમા હેડ કોન્સ્ટેબલ જીગ્નેશભાઈ મારુ અશોકભાઈ વાછાણી મોહમ્મદ આરીફ અનસારી કોન્સ્ટેબલ હસમુખભાઈ બાલધા મહિલા કોન્સ્ટેબલ ભૂમિકાબેન ઠાકર શાંતુબેન મૂળિયા કોન્સ્ટેબલ મહેશ ગણેશ પ્રસાદ તેમજ મહિલા લોકરક્ષક જ્યોતિબેન શામજીભાઈ બાબરીયા રોકાયા હતા.

# રાજકોટમાં ચોરાઉ બાઈક સાથે તસ્કર બેલડી ઝડપાઈ

## ગ્રીનલેન્ડ ચોકડી વિસ્તારમાંથી બાઈક ચોર્યાની કબુલાતઃ ક્રાઈમ બ્રાન્ચની ટીમે દબોચ્યા




**મુખ્ય સમાચાર, રાજકોટ**

અઠવાડિયા પહેલા ગ્રીનલેન્ડ ચોકડી વિસ્તારમાંથી ચોરાયેલ બાઈક સાથે બે તસ્કરોને શહેરની ક્રાઈમ બ્રાન્ચની ટીમ ઝડપી પાડી ધોરણની કાર્યવાહી હાથ ધરી છે. પ્રાપ્ત વિગતો મુજબ લાલપરી ટાંકાવાળી શેરી- ૩, હુન્ડાઈના શોરૂમ નજીક, અમદાવાદ ચોકડી વિસ્તારમાં રહેતા અબ્બાસખાન નામના યુવાનને બેન્ડવાજા પાર્ટીમાંથી ઢોલ વગાડીને પોતાનું જીજે ૩૬ પી ૨૭૫૯ નંબરનું બાઈક તેમના સાળા મકસુરખાન સમંદર ખાનના મકાનની ડેલી પાસે તા. ૪.૧૨ના રાત્રીના પાર્ક કર્યું હતું. આ બાઈક ૫ ડીસેમ્બરના રોજ સવારે ઘર પાસે જોવા ન મળતા પહેલા શોધવા મથામણ કરાઈ હતી પણ ક્યાય ન મળતા તા. ૬ ના રોજ બી ડીવીઝન પોલીસમાં ઓનલાઈન એફઆઈઆર કરાઈ હતી. દરમિયાન આ બાઈકની ચોરી કરનાર બેલડીને શહેર ક્રાઈમ બ્રાન્ચ ઝડપી પાડીને તપાસ શરૂ કરી છે. શહેરમાં મિલકત સંબંધી ગુન્હાઓઅટકાવવા તેમજ વાહન ચોરી તેમજ ચીલઝડપ અને લુંટ વિગેરે વણઉકેલાયેલા ગુનાઓના ભેદ ઉકેલવા માટે ઉપરી પોલીસ અધિકારીઓની સૂચના મળ્યા બાદ શહેર ક્રાઈમ બ્રાન્ચના પી.આઈ એમ. આર. ગોંડલીયા, એમ.એલ ડામોર અને સી.એચ. જાદવના માર્ગદર્શન હેઠળ પીએસઆઈ એ.એન.પરમાર તેમજ સ્ટાફ પેટ્રોલિંગમાં હતો. ત્યારે હેડ કોસ્ટેબલ હરસુખભાઈ સભાડ કૃષ્ણદેવસિંહ ઝાલા અને કોન્સ્ટેબલ પ્રશાંતભાઈ ચુડાસમાને સંયુક્ત બાતમી મળી હતી કે બે શખ્સ શંકાસ્પદ બાઈક સાથે ઉભા છે.

બાતમી પરથી ક્રાઈમ બ્રાન્ચ પોલીસે તપાસ કરતા બે શખ્સો એક બાઈક સાથે ઉભા હતા. આ સમયે પોલીસે બંનેને આકરી ભાષામાં પૂછપરછ કરતા બંનેએ ગ્રીનલેન્ડ ચોકડી વિસ્તારમાંથી આ બાઈક ચોર્યું હોવાની કબુલાત આપતા બી ડીવીઝન પોલીસમાં નોંધાયેલ બાઈક ચોરીનો ગુન્હો ઉકેલાઈ ગયો છે. પોલીસે પકડેલા બંને શખ્સમાં રાફ્ક્ત તાલુકાના સુકલપીપળીયા ગામે રહેતા જયેશ કરસન સોલંકી અને તે જ ગામમાં રહેતા અરમાન ફિરોજ પીલુડિયાનો સમાવેશ થાય છે. આ બંનેને બીજી કોઈ બાઈક ચોરી કરી છે કે નહિ તે જાણવા બંનેને રિમાન્ડ પર લેવા તજવીજ હાથ ધરાઈ છે. પોલીસે રૂપિયા ૩૫૦૦૦ નું બાઈક કબજે કરી ધોરણસરની કાર્યવાહી હાથ ધરી છે. બાઈક ચોર બેલડીને પકડવા ક્રાઈમ બ્રાન્ચના પીઆઈ એમ.આર. ગોંડલીયા એમ.એલ ડામોર, સી.એચ. જાદવ તેમજ પીએસઆઈ એ.એન. પરમાર, એએસઆઈ હિતેન્દ્રસિંહ ઝાલા, હેડ કોન્સ્ટેબલ જયદેવસિંહ પરમાર, કૃષ્ણદેવ ષ્ણદેવસિંહ ઝાલા, હરસુખભાઈ સબાડ, અર્જુનભાઈ ડવમ મોહિલરાજસિંહ ગોહિલ, કોન્સ્ટેબલ ગોપાલભાઈ પાટીલ, પ્રશાંતભાઈ ચુડાસમા, મયુર ધ્વજસિંહ જાડેજા જોડાયા હતા.

# ધંધા મુદ્દે યુવતીએ સલાહ આપતા ભાગીદારે વાળ-ગળું પકડી ઢોર માર માર્યો

## માસુમ દિકરીની નજર સામે જ આડેધડ ફટકાર્યાની ફરિયાદ; યુવતીએ ધંધા માટે ૬૦ લાખની લોન લીધી હોવાનો આક્ષેપ





**મુખ્ય સમાચાર, રાજકોટ**

શિતલપાર્ક નજીક ધ સ્પાયર-૨ બિલ્ડિંગમાં ઓફિસમાં મહિલાને માર મારતા સીસીટીવી ફટેજ સામે આવ્યા છે. આ બન્ને મારામારીની ઘટનાના સીસીટીવી પણ સામે આવ્યા છે. આ ઘટનામા ગાંધીગ્રામ પોલીસ મથકમા યુવતીએ ફરીયાદ નોંધાવતા પોલીસે આરોપીને સકંજામા લઈ પુછપરછ શરુ કરી છે.

મહિલાએ જણાવ્યું જ છે કે, મારે નોકરીની જરૂરીયાત હોવાથી વર્ષ ૨૦૨૧માં ઓનલાઇન જોબ એપ્લિકેશન મારફત આકાશવાણી ચોકમા રહેતા મૌલીક પ્રફુલભાઈ નાદપરાનો સંપર્ક કર્યો હતો. મારે તેની સાથે ફોન ઉપર વાત પણ થઇ હતી અને ત્યારબાદ અમે બન્નેએ ભાગીદારીમાં ઓફિસ લઈને ધંધો કરવાનું નક્કી કર્યું હતું. લોન લીધા બાદ તેના હપ્તા બન્ને સાથે ભરીશું તેવુ નક્કી થયુ હતુ જેથી મેં લોન લઈને ૨૦૨૩માં ૧૫૦ ફૂટ રિંગ રોડ પર શીતલ્પાર્ક ચોકમાં ધ સ્પાયર ટુ નામની બિલ્ડિંગમાં ઓફિસ નં-૯૧૩લઈઅને પેકેજીંગ પ્રોડેક્ટનો ધંધો શરૂ કર્યો હતો. ત્યારબાદ આ મૌલિક નાદપરાએ અમારા ધંધામા ધ્યાન આપવાનુ બંધ કરતા ધંધો ઓછો ચાલવા લાગ્યો હતો. હું તેને સમજાવતા તે મારી સાથે ઝઘડો કરી બોલચાલી કરતો હતો અને મને સલાહ આપતી નહીં તેવું કહેતો હતો. (ઈ(, ૨૦૨૫માં હું મારી ઓફિસ ખાતે હતી, ત્યારે બપોરના ૧૨ વાગ્યા આસપાસ મૌલિકને મેં બેંકમાં આપણી લોનના હપ્તા ભરવાનુ ચાલુ છે, જેથી તું ધંધામા ધ્યાન આપ કહેતા માલિક ઉશ્કેલાઈ ગયો હતો અને મને ખરાબ ગાળો આપવા લાગ્યો હતો. બાદમાં મારા વાળ પકડી, ગળું પકડી નીચે પછાડી જેમફાવે તેમ ઢીકા-પાટાનો માર મારવા લાગ્યો હતો. સાથે જ ઓફિસમાં પડે લા પ્લાસ્ટીકના નાનો પાઈપ લાવી મને શરીરે માર્યો હતો. ત્યારબાદ મારા વાળ પકડી હવે કોઈ સલાહ ન આપતી બાકી જાનથી મારી નાખીશ તેવી ધમકી પણ આપી હતી. બનાવ અંગે અરજી આધારે હાલ યુનિવર્સીટી પોલીસે ગુનો નોંધી વધુ તપાસ હાથ ધરી છે.

મહિલાના વર્ષ ૨૦૧૭માં લગ્ન થયા હતા અને ત્યરબાદ તેમને લગ્ન જીવન દરમિયાન સંતાનમાં એક દીકરીનો જન્મ થયો હતો. જો કે, પતિ સાથે અણબનાવ થતા વર્ષ ૨૦૨૨માં પતિ સાથે છૂટાછેડા થઈ ગયા હતાં. આ પછીથી મહિલા તેની દીકરી સાથે પોતાના માવતરે રહેતી હતી. ભાગીદાર મૌલિકે બાળકીની હાજરીમાં માર મારતા બાળકીની ઉપર પણ માનસિક અસર થવા પામી છે અને તેડરી ગઈ હોવાનો મહિલાએ ઉલ્લેખ કર્યો છે. ત્યારબાદ અવારનવાર રૂપિયા પરત આપી દેવા જાણ કરવામાં આવી હતી અને અરજી પાછી ખેંચી લેવા તેમજ સમાધાન કરવા દબાણ કરતો હતો. જો કે, થોડા દિવસ પૂર્વે ફરી રૂપિયા માંગણી કરતા બેફામ ગાળો ફોનમાં આપતા અંતે પોલીએ ફરિયાદ નોંધાવી છે. આરોપી મૌલિક સામે ગુનો નોંધવામા આવતા તેને સકંજામા લઈ લીધો હોવાનુ જાણવા મળી રહ્યુ છે.

# પેટ્રોલિયમ યુનિટમાં ભેળસેળિયું પેટ્રોલિયમ પ્રવાહી વેચનાર શખ્સ સામે નોંધાતો ગુનો

## તપાસ દરમિયાન મળી આવેલા શંકાશીલ પ્રવાહીના નમુના લીધા'તા

**મુખ્ય સમાચાર, રાજકોટ**

ધમલપર રોડ પર ઈન્ડસ્ટ્રીયલ પાર્કના પ્લોટનંબર ૧૨૪માં આવેલા વસીલા પેટ્રોલીયમ નામના યુનીટમાં તાલુકા મામલતદાર કચેરી, જિલ્લા પુરવઠા અધીકારીની કચેરીના સ્ટાફે ગઈ તા.૬-૧૦-૨૫નાં તપાસ કરતાં રૂા.૭.૦૫ લાખનું ૧૫ હજાર લીટર શંકાસ્પદ પેટ્રોલીયમ પ્રવાહી મળી આવતા સીઝ કરી નમુના હતા.જેમાં પેલ પ્રવાહી ભેળસેળીયું નિકળતા યુનીટના સંચાલક સિકંદર રમઝાનભાઈ હાલા સામે કુવાડવા રોડ પોલીસ મથકમાં ફરિયાદ નોંધાવાઈ હતી.

તાલુકા મામલતદાર કે.એચ. મકવાણાની ફરિયાદ પરથી સંચાલક સિંકદર હાલા સામે ગુનો દાખલ કર્યો હતો. સુત્રોએ જણાવ્યું કે, ગઈ તા. ૬-૧૦નાં આરોપીના વસીલા પેટ્રોલીયમ નામના યુનીટે સપ્લાઈ ઈન્સપેકટર સહિતના સ્ટાફે તપાસ કરતા શંકાસ્પદ પેટ્રોલીયમ પ્રવાહીનું વેચાણ કરવામાં આવતું હોવાનું જાણવા મળતા કાર્યવાહી કરાઈ હતી.

કે, તપાસસવિશ્ચ ખુલ્યું હતું સ્ટોક રજીસ્ટર કે વેચાણ બીલબુક રજુ કરાઈ ન હતી. જ્યારે ખરીદી-વેચાણ, સંગ્રહનું લાયસન્સ રજુ કરાયુ ન હતું. ફક્ત પેસોનું ક્લાસ-બીનું માત્ર ૪૪ કિ.લી.નું લાયસન્સ રજુ કરાયું હતું. ફાયર સેફટીના સાધનો એક્સપાયર થયેલા હતા. ત્યારે ફાયરસેફટીના સાઈન બોર્ડ લગાવેલા ન હતા. જ્યારે ખરીદ-વેચાણના બીલ સાથે એન્ડ યુઝ સર્ટીફિકેટ રજુ કરાયુ ન હતું. આ ઉપરાંત પેઢી દ્વારા બેરલમાં સ્ટોરેજ કરવા માટે જિલ્લા મેજીસ્ટ્રેટનું લાયસન્સ મેળવ્યું ન હતું. તેમજ પેઢી દ્વારા ઓનલાઈન સાઈટમાં વસીલા સ્ટર કરી સોલવન્ટ, એલ.ડી.ઓ. જણસીઓ વેચાણ કરવાનું કેટલોગ રજુ કર્યું હતું. જે સોલવન્ટ એકટ મુજબ લાયસન્સન લીધાનો ભંગ ગણાયો છે. આથી સ્ટાફે રૂા.૭.૦૫ લાખની કિંમતનું ૧૫ હજાર લીટર શંકાસ્પદ પ્રવાહી સીઝ કરી નમુના પૃથ્થકરણ માટે મોકલ્યા હતાં, જેમાં પેટ્રોલીય હાઈ કાર્બનની હાજરી મળી આવી હતી. તેમજ પેટ્રોલીય પ્રવાહી ધોરણસર ન હોવાનું ખુલતાં અંતે ફરિયાદ નોંધાવી હતી.

# સરધાર નજીક કારની ઠોકરે બાઈક ચાલકનું મોત

**મુખ્ય સમાચાર, રાજકોટ**



શહેરના છેવાડે આવેલ સરધાર ગામ નજીક હાઈવે પર પુરપાટ ઝડપે ધસી આવેલી કારના ચાલકે ટુ વ્હીલર સવાર ૧૯ વર્ષીય યુવકને ઠોકરે લીધો હતો. આ બનાવમાં ગંભીર રીતે ઈજાગ્રસ્ત થયેલા યુવકને સારવારમાં સિવિલ હોસ્પિટલમાં ખસેડતા અહીં તબીબે મૃત જાહેર કર્યો હતો. મૃતક સર ગામેથી સરધાર હટાણું કરવા આવતો હતો ત્યારે આ ઘટના બની હતી. આ અંગેની વિગતો મુજબ, સર ગામમાં રહેતો ૧૯ વર્ષીય ભાર્ગવ ગોવિદભાઈ રાઠોડ આજે સવારે ૧૦.૩૦ વાગ્યા આસપાસ પોતાનું ટુ વ્હીલર લઈને સરધાર ગામ હટાણું કરવા માટે આવી રહ્યો હતો ત્યારે હાઈવે પર અચાનક પુરપાટ ઝડપે ધસી આવેલા ક્રેટા કારના ચાલકે યુવકને ટુ વ્હીલર સહિત ઠોકરે લીધો હતો. અકસ્માત-માં યુવક રોડ ઉપર પટકાતા તેને માથે શરીરે ગંભીર ઈજા પહોંચતા રાહદારી દ્વારા ૧૦૮ મારફતે સિવિલ હોસ્પિટલમાં ખસેડયો હતો અહીં ઈમરજન્સી વિભાગમાં તબીબે યુવકને મૃત જાહેર કર્યો હતો. બનાવ અંગે જાણ થતાં યુવકનો પરિવાર સિવિલ હોસ્પિટલે દોડી આવ્યો હતો. મૃતકના મામાના દીકરા ગોપાલ ખુમાણના જણાવ્યા મુજબ, મૃતક ભાર્ગવ કારખાનામાં મજુરી કામ કરતો હતો. તે બે ભાઈ બે બહેનમાં બીજા નંબરે હતો. સવારે ઘરેથી સરધાર હટાણું જવાનું કહીને નીકળ્યો હતો બાદમાં આ અકસ્માત સર્જાયો હતો. બનાવને લઈને પરિવારમાં ગમગીની છવાઈ જવા પામી છે.

# પોલીસ ફરિયાદ નહી લેતી હોવાના આક્ષેપ સાથે યુવાને એસિડ ગટગટાવ્યુ

## મચ્છી મરઘીના ધંધાર્થીને ત્રણ મિત્રોએ ફરિયાદ પાછી ખેંચવા ધમકી આપતા પગલું ભર્યું



**મુખ્ય સમાચાર, રાજકોટ**

રેલનગર વિસ્તારમાં આવેલ લાલ બહાદુર ટાઉનશીપમાં રહેતા અને મોટાભાઈ સાથે મચ્છી મરઘીની દુકાન ચલાવતા ધંધાર્થીને ત્રણ મિત્રોએ મકાન ખાલી કરવા ધમકી આપી દંપતી ઉપર હુમલો કર્યો હતો. જે ફરિયાદ પાછી ખેંચી લેવા ધમકી આપતા હોવાની ફરિયાદ પોલીસ નોંધતી નહિ હોવાના આક્ષેપ સાથે યુવાને ગાંધીગ્રામ પોલીસ મથક પાસે ફિનાઈલ પી લીધું હતું. યુવકને ઝેરી અસર થતા સારવાર માટે ખસેડવામાં આવ્યો હતો.

આ અંગે જાણવા મળતી વિગત મુજબ રેલનગરમાં આવેલ લાલ બહાદુર ટાઉનશિપમાં રહેતો ઈર્શાદ ફિરોજભાઈ કુરેશી નામનો ૩૫ વર્ષનો યુવાન સાંજના છએક વાગ્યાના અરસામાં ગાંધીગ્રામ પોલીસ સ્ટેશન પાસે હતો

ત્યારે ફિનાઈલ પી લીધું હતું. યુવકને ઝેરી અસર થતા તાત્કાલિક સારવાર માટે સિવિલ હોસ્પિટલ ખાતે ખસેડવામાં આવ્યો હતો.

પ્રાથમિક પૂછપરછમાં આપઘાતનો પ્રયાસ કરનાર ઈર્શાદ કુરેશી તેના મોટાભાઈ સાથે ઘંટેશ્વર ૨૫ વારીયામાં મચ્છી મરઘીનો ધંધો કરે છે ઈર્શાદ કુરેશીને મિત્ર યાસીન પડાયા, આસિફ પડાયા અને કુલદીપ દવે મકાન ખાલી કરવાની ધમકી આપતા હતા. બાદમાં દંપતી ઉપર છરી વડે હુમલો કર્યો હતો. જે અંગે નોંધાવેલી ફરિયાદ પાછી ખેંચી લેવા ધમકી આપતા હોવાની પોલીસ ફરિયાદ નહીં નોંધતી હોવાના આક્ષેપ સાથે યુવાને પોલીસ સ્ટેશન નજીક જ ફીનાઇલ પી લીધું હોવાનો આક્ષેપ કરવામાં આવ્યો છે. આક્ષેપના પગલે પોલીસે વધુ તપાસ હાથ ધરી છે.